
● સળંગ અંક ૫૩૩ ● મે : ૨૦૧૮ ● વર્ષ : ૪૫ ● અંક : ૫
JAISHUKLESHWER
જય શુક્લેશ્વર
સામાજીક રંગપલટા
શ્રી શુક્લેશ્વર મહાદેવ મંડળ પ્રકાશન - અનાવલ
(૧)

શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ
અનાવલ પ્રકાશન
જય શુક્લેશ્વર

● કાર્યાલય ●
શુકલેશ્વરધામ, અનાવલ
તા. મહુવા, જિ. સુરત - ૩૯૬ ૫૧૦.
ફોન : (૦૨૬૨૫) ૨૫૨૨૪૦, ૨૫૨૧૨૮
મો. ૯૪૨૬૨ ૧૫૨૪૦, પૂજા માટે : ૨૫૨૫૭૧
ભોજન માટે : ૭૯૮૪૪ ૭૨૬૩૪, ૯૭૨૬૦ ૬૩૦૧૦

● સંપાદક ●
પ્રિ. ડૉ. ઈશ્વરચંદ્ર મ. દેસાઈ
એ/૭-૮, ગૌતમ એપાર્ટમેન્ટ,
મોરારજી દેસાઈ માર્ગ, બીલીમોરા-૩૯૬ ૩૨૧
ફોન : (૦૨૬૩૪) ૨૮૪૦૬૮/૨૮૯૮૦૫
E-mail : imdesaibim@gmail.com

● સંકલન કર્તા ●
ડૉ. પ્રફુલભાઈ દેસાઈ
સુરત
મો. ૯૮૭૯૪ ૧૬૯૦૨

● સહ સંપાદક ●
શ્રી દિલીપભાઈ દેસાઈ
વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૪૮૬૬૬૫
પ્રા. શ્રી જશુભાઈ નાયક
નવસારી.
ફોન : (૦૨૬૩૭) ૨૫૯૨૮૫

● પ્રમુખ ●
શ્રી સુમંતરાય મો. નાયક
પોંસરા.
મો. ૯૮૨૫૧ ૮૩૧૭૭

● મંત્રી ●
શ્રી જીતેન્દ્રભાઈ ધી. મહેતા
પીપલધરા.
મો. ૯૯૨૪૫ ૪૪૮૫૬

**''જય શુકલેશ્વર'' લવાજમ શુભેચ્છા રકમ**

દેશમાં ૪,૦૦૦/- રૂા., નિભાવ રૂા. ૧,૦૦૦/-

- "જય શુકલેશ્વર"માં પ્રકાશિત લેખો, સમાચારો તેમજ જાહેરાતો માટેની જવાબદારી જે તે છપાવનાર સંબંધકર્તાની રહેશે. પ્રકાશક, સંપાદક કે શુ. મ. મંડળએ માટે જવાબદાર ગણાશે નહીં.

**અંકમાં શરત ચૂકથી છાપકામમાં થયેલ ભૂલને આગામી અંકમાં ભૂલ સુધાર તરીકે છાપવામાં આવશે.**

- દર માસની ૯ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.
- ૭ તારીખ સુધીમાં અનાવલ ઓફિસે મળેલ લેખો, સમાચારો, જાહેરાતોને આગામી અંકોમાં અવકાશે સ્થાન આપવામાં આવશે.
- અંકમાં છપાયેલ સામગ્રી બીજે છાપવા માટે શુ.મ.મંડળની પરવાનગી અનિવાર્ય.

**'જય શુકલેશ્વર'માં જાહેરાતની શુભેચ્છા રકમ માર્ચ-૨૦૧૬થી સૂચિપત્ર**

| પેઈજ | વાર્ષિક | માસિક |
|---|---|---|
| કવર પેઈજ - ૪ | ૫૦,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૩ | ૪૫,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૨ | ૪૫,૦૦૦ થી વધુ | --- |
| અંદરનું પાનું આખું | ૨૨,૦૦૦ | ૨,૦૦૦ |
| અંદરનું પાનું અડધું | ૧૬,૦૦૦ | ૧,૫૦૦ |
| અંદરનું પાનું અડધું (ફકત લગ્ન વિષયક) | | ૧,૦૦૦ |

**● શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ ટ્રસ્ટનાં દાનો માટે ખાસ નોંધ ●**

શ્રી શુકલેશ્વર મહાદેવ મંદિર ધામના વિકાસ તેમજ આપણા ઈષ્ટદેવની નિશ્રામાં ચાલતાં વિવિધ સામાજીક કાર્યો માટે દાનો સ્વીકારવામાં આવે છે. આ દાનો અંગેની જાણકારી ટ્રસ્ટી પદાધિકારીઓનો સંપર્ક સાધી મેળવી શકાય છે. વિવિધ દાનો 'શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ'ના નામ ના ક્રોસ ઓર્ડર એકાઉન્ટપેયી ડી.ડી./ચેકથી મોકલાવી શકાય છે.

**''જય શુકલેશ્વર''માં જાહેરાત કે લવાજમ શુભેચ્છા રકમ ''શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ''ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ/ચેક દ્વારા અનાવલ શુકલેશ્વર ધામ મોકલાવી શકાય છે.**

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | - ઈશ્વરચંદ્ર | ૪ |
| ૨. | જેના સંજોગ તેવો સમાજ | - ઈશ્વરચંદ્ર | ૫ |
| ૩. | અનાવિલ સમાજ રસપ્રદ લેખ | - ઈશ્વરચંદ્ર | ૮ |
| ૪. | કુળ જોયાના લાગા | | ૨૧ |
| ૫. | નસીબ કડવી કાકીનાં | - નાનુભાઈ નાયક | ૨૪ |
| ૬. | અનાવિલ સમાજમાં સામાજિક સુધારાની દશા અને દિશા | - બકુલા દેસાઈ | ૨૫ |
| ૭. | ઈતર જ્ઞાતિમાં લગ્નો અને સુધારાની વાસ્તવિકતા | - બકુલા દેસાઈ | ૨૭ |
| ૮. | સુધારા અંગેની કેટલીક સત્ય ઘટનાઓ | - બકુલા દેસાઈ | ૨૮ |
| ૯. | અનાવિલોમાં આંતરજાતિય લગ્નો અને સુધારાનું વલણ | - બકુલા દેસાઈ | ૨૯ |
| ૧૦. | સ્માર્ટફોન : અનિવાર્ય કે અનિષ્ટ | - હરેશ દેસાઈ | ૩૧ |
| ૧૧. | હે મોબાઈલ ! | | ૩૪ |
| ૧૨. | સરસ્વતીચંદ્ર વિશે મણિભાઈ નારણજી તંત્રી | | ૩૫ |
| ૧૩. | નાનુભાઈ છોટુભાઈ દેસાઈ (પુરુજણકર) | | ૪૨ |
| ૧૪. | સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૪૪ |
| ૧૫. | સંસ્થા સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૪૯ |


વેબસાઈટ : www.anaval-jayshukleshwar.org
ઈમેઈલ : jaishukleshwar@hotmail.com,
jayshukleshwar@gmail.com
કાર્યાલય મો. નંબર : ૦૯૪૨૬૨ ૧૫૨૪૦, ફોન. : ૦૨૬૨૫-૨૯૦૦૫૫
**સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૨ થી ૬**



# સંપાદકીય

## કુધારા અને સુધારા

■ ઈશ્વરચંદ્ર દેસાઈ

અનાવિલ ઈતિહાસનો સ્વર્ણિમ યુગ એટલે મોગલ-મરાઠાકાળ. દક્ષિણ ગુજરાતની વસ્તીના કેવળ પાંચ ટકા હોવા છતાં એ બંને કાળમાં અનાવિલોને મહેસુલ-ચોથ, સરદેશમુખી ઉઘરાવવાનો લ્હાવો મળ્યો. એથી સમૃધ્ધિ વધી, તાકાત વધી, માન અને મોભ્ભો વધ્યાં. વાપી થી તાપીનાં ૨૧૧૨ ગામો પૈકી ૨૭૪ ગામો તો અનાવિલ ગામો. આ ગમો લશ્કરી ભેલાણથી, ચોર લુંટારૂથી, બાવાઓ ને ઠગો થી લગભગ સુરક્ષિત ! એ દરેક ગામમાં અનાવિલ પટેલ તથા એમની નાનકડી સેના ! મોગલ મરાઠાનું છત્ર તેથી એને કોઈ જવલ્લે જ અડકે.

સુરક્ષિત અને સમૃધ્ધિ ફાટફાટ થતી, સ્ત્રીઓ સોનાના ચોટલા રાખે, પુરૂષો ઘોડા ને હાથી રાખે, ચોરાસી બારીની હવેલી બાંધે, સેંકડો વીઘાં જમીન રાખે, રૂઆબદાર પ્રસંગો ઉજવે. દરવાજાવાળા ને બાવીસી ચોવીસી, ઈનામદાર ને વજીફદાર, બાદશાહ ને રાજમ !

અંગ્રેજોની આંખમાં કણાની પેઠે ખુંચતા. મરાઠા પૈકી પેશ્વા અને ગાયકવાડને ભીડાવીને પ્રદેશો ઝુંટવવા માંડયા. ગુજરાત આખામાં આણ ફેલાતાં મહેસુલની પધ્ધતિ તળિયાઝાટક બદલી કાઢી.. દેસાઈના તોર ને ભોર તો મહેસુલને આભારી ! અંગ્રેજોએ રૈયતવારી પધ્ધતિ દાખલ કરીને દેસાઈઓના પગ તળેથી જાજમ ખેંચી લીધી. માત્ર જાજમ જ ન ખેંચાઈ, અઢળક આવક ખેંચાઈ, માન અને મોભ્ભા ખેંચાયા, દોર ને દમામ ખેંચાઈ ગયા. બાદશાહોની બાદશાહત લુંટાઈ ગઈ ને ગામના રાજાઓમાં 'રાજ' લુંટાઈ ગયાં.

દેસાઈઓની કમાણીનાં મુખય દ્વાર ભીડાઈ ગયાં. તવંગર થવાની મોકળાશ ગઈ, સત્તાનો દોર ઝુંટવાઈ ગયો, આશ્વાસનરૂપે દેસાઈઓને અંગ્રેજ સરકાર તરફથી દેસાઈગીરી મળવા લાગી. હવે દેસાઈઓ એશઆરામમાં ! ખેતી કે અન્ય કામ આશ્રિતો પર છોડાતું, દેખાડો એવો ને એવો રાખવાના પ્રયાસો. રસ્સી બળી ગઈ પણ બળ ન ગયો. ખર્ચ ઘટાડયો નહિ. દેખાડા ખાતર તોર ને ભોર, દોર ને દમામ તો અકબંધજ ! દેસાઈગીરીને પ્રતાપે સમાજમાં 'દેસાઈ' અને 'ભોઠેલા' જેવા 'થર' બંધાયા. દેસાઈઓને મોટાઈ મળી ગઈ. 'મૂળિયાંવાળા'નાં માન વધી ગયાં. 'એશ-ઓ-આરામ' એજ જિન્દગીનો અર્ક બની ગયો. શાળાઓ ખુલી પણ દેસાઈના બાળકો એમાં થોડાં જ ભણી શકે ? પરિણામ ભણવાને નામે અલ્લાયો.

આ તરફ પરદેશ ખેડીને ખેતીમાં પરસેવો સીંચીને, એકડીયા પક પકવીને ભાઠેલા સમૃધ્ધ બન્યા. ભણીગણીને રેલ્વેમાં, બેંકોમાં, ઓફિસોમાં, નિશાળોમાં નોકરીએ લાગ્યા ને જીવનધોરણ સુધાર્યા. સાથે દીકરીઓને 'દેહણ' બનાવવાની લગની લાગી. આ તરફ દેસાઈઓને આર્થિક તલબ હતીજ એમાંથી કુધારાએ જડિયાં ઘાલ્યાં. લગ્નાર્થીને ભેટસોગાદ, જાનખર્ચ, પલ્લું-પહેરામણી, વરવદા ને દેજ, જાતજાતની 'રીતો', વાંડડો, ઘરઘામણ, રીતના આંકડા, ખાવું મોકલવુ. ઘરેણાં ચઢાવવા, વદા જેવા વહેવારો ફરજ મટીને માગણી બની ગયાં. અને નિતનવાં રૂપ ધરીને લંબાતા ગયાં.

એ રસપ્રદ તબકકાની ઝલક તે સમયે દીકરીના વાલીને ગંચરાવતી આજે આપણી રસરુચિને પોષક ! માણો હવે !!! ■

# જેના સંજોગ તેવો સમાજ

– ડૉ. ઈશ્વરચંદ્ર મ. દેસાઈ

ભારતની એક સુપ્રસિધ્ધ નવલકથા "ચિત્રલેખા" નો સંદેશ છે કે : 'માણસ પરિસ્થિતિની નીપજ છે. સંજોગો જ એના જીવનને ઘડે છે. "આપણાં પુરાણો "કર્મ" અને "પુનર્જન્મ" ના સિધ્ધાંતોમાં આવોજ ભાવ રજુ કરે છે. અનાવિલો વાપીથી તાપી વચ્ચેના ભૂભાગમાં વિકસ્યા, આપણા ઈતિહાસની કડીઓ મેળવવી સરળ નથી પરંતુ છેલ્લી ૫-૭ સદીથી જે ઈતિહાસ મળે છે તેમાં આપણી જ્ઞાતિના વિવિધ રંગપલટા જોવા મળે છે.

મોગલ મરાઠા કાળ દરમ્યાન સર્વત્ર અશાંતિ હતી. પેશ્વા, ગાયકવાડ અને મુઘલ સત્તાના અવશેષો સમાન સુબાઓ અને તેના ફોજદારો ચોથ, સરદેશમુખી, જમા જોરતલબી, ખીચડીના નામે રકમો ઉઘરાવતા. એમાં મુલકગીરી ને નામે મુલક ગીરો પણ મુકાતો.

મોટા ભાગના શાસકો ચારિત્ર્યહીન હતા, 'મારે તેની તલવાર" જેવું શાસન હતું. નીતિ કે ન્યાયનું નામનિશાન ન હતું. કૂડકપટ, દગો, અનીતિ ને અસત્ય રાજનીતિ ગણાતાં. શાસકો ભોગવિલાસમાં ગળાડૂબ ! કારભારીઓ સર્વ સત્તાધીશ ! તેમની ઈચ્છા મુજબ વહીવટ થતો. ગામમાં પટેલ મુખ્ય અધિકારી. પટેલાઈ વંશપરંપરાગત. ગામમાં પાક કયો કરવો તેનું મ્હેસુલ, ચોર લુંટારૂથી રક્ષણ એ તેની હકુમતમાં. એ ગામનો રાજા જેવો ગણાતો. તલાટીઓ, ચોકીદારો તેની તહેનાતમાં રહેતા. અનાવિલ પ્રદેશમાં દેસાઈઓ મહેસુલનો ઈજારો રાખતા.

કર્નલ વૉકરે સને ૧૮૦૬માં એક પત્રમાં જણાવ્યું કે " આ દેશ ચોર, લૂંટારાઓનું કેન્દ્ર થઈ ગયો છે. દેશ જંગલ જેવો વેરાન છે. રહેવાસીઓ ગરીબ, ભૂખે મરતા કંગાળ છે. આ દેશમાં બાવાઓ અને વૈરાગીઓ જ પ્રવાસ કરી શકે છે. અધિકારીઓના ફરમાનનું પાલન થતું નથી. રાજયમાં કાયદો કે વ્યવસ્થાનું નામનિશાન નથી."

જેવો સમય તેવું લોકમાનસ અને તેવોજ સમાજ !

તે સમયની પરિસ્થિતિ મુજબ સમાજ રૂઢિચુસ્ત, દ્રષ્ટિ મર્યાદિત, પંચકોશીમાં એમનું વિશ્વ ! રિવાજો પણ સંકુચિત, સર્વત્ર કૂપમંડુકતા, સ્વાર્થી વૃત્તિ ! અંધશ્રધ્ધા પ્રબળ તેથી જીવન રૂંધાયેલું હતું. પ્રગતિ કોને કહેવાય તેની જાણ કોઈને જ નહિ. રૂઘશિયું ગાડું ઘરેડે ઘરેડે ડાલમડોલ ચાલતું રહેતું.

એક તરફ દરિયામાં ચાંચિયાઓનો ઉપદ્રવ હતો. આ તરફ અંગ્રેજો સામે હારેલા રાજાઓ, તાલુકદારોએ પોતાના હારેલા સૈનિકોને ચોરી, લુંટફાટ કરી આવક મેળવવા ઈશારો કર્યો. એમાંથી પિંઢારા, ડાકુ, લુંટારા, ચોરોનો ત્રાસ જનતાઓ ભોગવવો પડતો. રાજા કે બાદશાહી મોટી સેના સાથે કૂચ કરતા ત્યારે ખેતરના ઊભા પાકનું ભેલાણ થતું. લોકોના ઘરના મોભ કે ડાંડા બળતર માટે ખેંચાઈ જતા. રોકટોક કે દાટ ફરિયાદ સાંભળે કોણ ? ઉપરથી ઉપરા છાપરી કુદરતી પ્રકોપ પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારતી.

પ્રજાને પીડતી એક હિલચાલ વૈરાગીઓ

**સદ્‌ગત માતૃશ્રી અંબાબેન તથા પિતાશ્રી નાથુભાઈ ભીમભાઈ નાયકના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** સુપુત્ર શ્રી મગનલાલ નાથુભાઈ નાયક-વાસણ, તા. ગણદેવી.

અને બાવાની જમાતોની. વૈરાગીઓ રામકીઓ અને ચેલકીઓને સાથે રાખીને ફરતા. કેટલાક મોટી જટા રાખતા, લાંબા નખ વધારતી, વાઘનું ચામડું પહેરતા. હોઠ કે કાન કપાવી અંગ વિકૃત કરી વિકરાળ દેખતા જેમકે :

કોઉક શીશ જટા, નખ દીરઘ,
ડોલત અંગ વાઘાંબર ધારે,
કેશલુંચા અટુ કાનફટા કોઉ,
ઘંટ બજાવત જંગમ ન્યારે....!

આવા બાવા વૈરાગીઓના ઝુંડ ને ઝુંડ ગામડે ગામડે ફરતા. મહંતો હાથી પર, શિષ્યો ઘંટ વગાડતા કે ચીપિયા ખવડાવતા ફરતા. જયાં મુકામ કરતા ત્યાં દૂધપાક માલપુડા કરાવતા. એઓ શસ્ત્રો પણ રાખતા. બાવાઓ તો તલવાર, પટાબાજી, ભાલા, ફરસી પણ રાખતા. લોકોને ભૂત, પિશાચ, ભૈરવ, જોગણીના કોપની ધમકી આપી દોરા ધાગા કરાવી પૈસા પડાવતા. ગામના ચપળ અને હટ્ટાકટ્ટા છોકરાઓનું અપહરણ પણ કરતાં.

રાજકીય, સામાજિક, ધાર્મિક અંધાધુંધીને પરિણામે સમાજમાં અંધશ્રધ્ધા અને વહેમોને મેદાન મળી ગયું. ભયની ભૂતાવળ ફેલાતા મંત્ર, તંત્ર, દોરા, ધાગા, ભુવા-જાગરિયા , જાદુટોણા, મૂઠ ચોટનો લોકો આશરો લેતા થયા. માંદગી, સાંસારિક ઉપાધિ, દુ:ખ દારિદયનો ઈલાજ જંતર મંતરમાં, સ્વચ્છતા જળવાતી નહિ તેથી રોગના ઉપદ્રવ થતા એ શામાવવા કાળી ભૈરવ, અંબા, બળિયાકાકાને સંતોષવા પડતા. આધિ, વ્યાધિ, ઉપાધિમાં દોરા, ધાગા કે મેલી વિદ્યાનો આસરો લેવાતો. આમ વહેમો, અંધશ્રધ્ધા , ડરપોકપણું, માનસિક નિર્બળતાથી સમાજ પીડતો હતો. એવા વહેમોને પાળીપોષીને એને પાખંડીઓને ધુતારાઓ બિહામણું સ્વરૂપ આપતા.

એ સમયે જરૂર હતી વહેમખંડનની, ભાંગ, ગાંજા, અફીણ, દારૂ, તમાકુ જેવા મનની નબળાઈને પોષતા વ્યસનો પર કાબુ કરવાની, લોકોને નિર્ભય બનાવી સદ્‌વિચાર, સદાચાર, સત્યકાર્યોના ફેલાવાની. આ કામ કેવી રીતે થયું તે રસપ્રદ વિષય છે. પરંતુ “ધર્મની ગ્લાનિ થાય ત્યારે પોતે અવતાર ધારણ કરે” ની ગીતા વચનની પરીક્ષાની ઘડી આવી પહોંચી હતી. ગુજરાતનું રાજ ‘પોપાબાઈનું રાજ’ કહેવાતું.

દક્ષિણ ગુજરાત પહેલેથી અપવિત્ર અને ત્યજવા યોગ્ય ભ્રષ્ટ ભૂમિ દેખાતી. દરિયાપારની અવરજવર તથા દેશી વિદેશી મિશ્રણને પરિણામે ધાર્મિકો એને ભ્રષ્ટ માનતા. પરંતુ સુરત બંદરની ખીલવણીએ ચોર્યાસી બંદરના અહિં વાવટા ફરકાવ્યા.

આ પણ અનાવિલોનું તો આ પરાપૂર્વનું વતન, વાપીથી તાપી વચ્ચેની આ સમતળ, ફળદ્રુપ, લીલાછમ હોતાળ ભૂમિ ! આશરે ૪૫૦૦ ચોરસ માઈલનો પસારી તેમાં ૭૮ ટકા ગામવાસી કુલ ૨૧૧૨ ગામો પૈકી ૨૭૪ અનાવિલ ગામો. અનાવિલ ગામો ઉપજાવ ગામો. જમીન જરાયતી અને બાગાયતી. કાળી પણ પોચી જુવાર, કપાસ, ડાંગર મુખ્ય પાકો.

ઈ.સ. ૧૫૭૩માં અકબરે સુરત લીધું ત્યારથી એ ધીકતું બંદર ને મોગલાઈનું મુખ્ય વેપાર મથક બની ગયું. ગોરા વેપારીઓ અને મોગલાઈ સૂબા વચ્ચે અડસાચડસી છતાં સત્તરમી સદીમાં સુરત અતિ સમૃધ્ધ બની ગયું. સુરતની

**સદ્‌ગત માતૃશ્રી પદમાબેન તથા સદ્‌ગત પિતાશ્રી મોહનલાલ ગુલાબભાઈ દેસાઈ કઠોદરાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** શ્રી ગિરીશભાઈ મોહનલાલ દેસાઈ પરિવાર, કઠોદરા

સમૃધ્ધ રહેણીકરણીનો રંગ ગામડાઓને પણ લાગ્યો. કેટલાક અનાવિલોને મોગલોએ દેસાઈગીરી બક્ષી. મોગલોના વહીવટમાં મહેસૂલ ઉઘરાવવાની આ કામગીરી હતી. મરાઠા યુગમાં એનાં માન સન્માન વધી ગયાં. આમ અનાવિલોની આખી જ્ઞાતિની સરકારી નિસ્બત વધી ગઈ.

મરાઠા યુગમાં પેશ્વા અને ગાયકવાડ વચ્ચે આવકવાળા પ્રદેશો બાબત ગુંચ પડી. અંગ્રેજોએ ગુંચનો લાભ લઈ ચીખલી અને ચોરાસી પરગણાં હસ્તગત કર્યાં. સ્અને ૧૮૦૪માં સુરત અઠ્ઠાવીસી કંપની હસ્તક આવી. સને ૧૮૨૦થી ગુજરાતનો સઘળો કારભાર ઈસ્ટ ઈન્ડિયા કંપનીને હસ્તક આવી ગયો. રાજયના પલ્ટા સાથે ધીરે ધીરે જુના યુગનો અસ્ત થયો અને કવિ દલપતરામ ગાઈ ઊઠયાં :

"વેર ગયાં ને ઝેર ગયાં, વળી કાળાકેર કરનારા ગયા,

પર નાતીલા જાતીલાથી સંપકરી ચાલે સંસાર

દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન

એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન." ■

પાના નં. ૨૩ થી ચાલુ

જોવાયા ? આ મિથ્યાભિમાનનો વેપલો છે જે ઘર બેઠાં કિંમત આપી જાય છે. આ જોતાં આ ઈમારતનો પાયો પેકળ છે અને તે ગમે તે વખતે તૂટી પડવાનો સંભવ છે. આ મિથ્યાભિમાનીઓ પોતાની અઘોર દરિદ્રતાનો મોટાઈની છત્રીમાં ઢાંકપીછોડો કરતો જોવા મળે છે. પણ એ છતરી તો એકજ વાવાઝોડામાં કાગડો થઈ જશે ? ત્યાં એમનું શું થશે ? એમની અને સમાજની મનોદશા બદલાય તો સારૂં !

### ઝાંઝવાનાં પાણી જેવી મોટાઈ

આજની થયેલી ખાનાખરાબી માટે મધ્યમ વર્ગ જેટલો બીજો કોઈપણ વર્ગ જવાબદાર નથી. જયાં સુધી દેસાઈઓનો કારભાર નભી રહ્યો હતો ત્યાં સુધી આ વર્ગની કન્યાઓનો ત્યાં સ્વીકાર થયો ન હતો. જયારે દેસાઈઓના નાણાંઓની થેલીઓ જોઈ ત્યારે આ વર્ગમાના કેટલાક પોતાની સધ્ધર સ્થિતિને લીધે દેશાઈ વર્ગમાં કન્યા આપવામાં મોટાઈ માની પણ આ ઝાંઝવાનાં પાણી જેવી મોટાઈ હતી અને છે. દેશાઈ વર્ગમાં આ વર્ગની કન્યાઓ જાય છે પણ દેશાઈ વર્ગની કન્યાઓ આ વર્ગમાં આવતી નથી. પોતાના છોકરાઓ માટે કન્યા લાવવામાં તો છેલ્લા વર્ગ ઉપર જ આધાર રાખવો પડે છે. અને દમામ રાખવો પડે છે તે જુદો. આમાં મગરૂર થવા જેવું શું છે ?

### ઘેલછાના ઘરમાં વસતા વ્હાલમો

સમાજના કહેવાતા ભાઠેલા વર્ગ પહ હજી ઘેલછા (ત્રીસીમાં) અમલ કરી રહી છે. આ વર્ગ કંઈક અંજાઈ ગયેલા અને દબાઈ ગયેલો જેવો છે. હજી એ વર્ગ ઘેલછાના ઘરમાં જ વસે છે. પોતાનું સર્વસ્વ અર્પણ કરી પોતાની સવડના ભોગે ઊંચા વર્ગના વરો શોધે પછી અભણ, દરિદ્ર કે બિનસંસ્કારી જમાઈરાજ ભરજુવાનીમાં બેઠાઉખાઉ ભલે હોય ! છે તો દેસાઈ ને ! મૂળિયું તો છે ને ! ■

**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. વસુમતિ તથા પિતાશ્રી નટવરલાલ મણિભાઈ દેસાઈ, ભદેલી-મુંબઈના સ્મરણાર્થે**

**સ્મૃતિ સૌજન્ય :** નટવરલાલ મણિભાઈ દેસાઈ, ભદેલી હાલ મુંબઈ

# અનાવિલ સમાજ રસપ્રદ લેખ

– ડૉ. ઈશ્વરચંદ્ર મ. દેસાઈ

અનાવિલ પોતાની આગળવી ઓળખ ધરાવે છે. સાથે જોડણી કોશ મુજબ 'અનાવિલ' (સંસ્કૃત શબ્દ) = દોષ રહિત, સ્વચ્છ એ નામની જાતિ ભગવદ્ ગોમંડલ માં દર્શાવ્યા મુજબ.

**અનાવલા :** ન.બ.વ. ગુજરાતમાં વસતી અનાવિલ જ્ઞાતિના માણસ તેઓ ભાઠેલા કે મસ્તાન એ નામે પણ ઓળખાય છે. સંસારી સ્થિતિએ અનાવલાના દેસાઈ અને ભાઠેલા એવા બે વર્ગ કહેવાય છે.

પેશ્વાઈ અને અંગ્રેજ અમલની શરૂઆતમાં કેટલાક અનાવલા મુલકની ઊપજ ઉઘરાવનારા, કે તેના ઈજારા રાખનારા કે ગામોની સંભાળ રાખનાર અધિકારી હોવાથી 'દેસાઈ' નામ ધરાવતા થયાં.

**અનાવિલ :** (૧) પું. એક જાતનો બ્રાહ્મણ - અનાવલો. (૨) પું. સુરત જિલ્લાની પાસે આવલો એ નામનો એક પ્રદેશ (૩) વિ. ગુજરાતમાં વસતી અને`એ નામની એક જ્ઞાતિ. (૪) વિ. નીરોગી, આરોગ્ય આપનારૂં (૫) વિ. ભેજ વગરનું. (૬) સં. અન્ (નહિ) + આવિલ (મેલું) વિ. સ્વચ્છ, નિર્મળ, સાફ, દોષ વિનાનું.

મરાઠી ભારતીય સંસ્કૃતિ કોશ, મુંબઈ, ઈલાકાતીલ જાતી, તથા મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ અનુસાર.

**અનાવળા :** ગુજરાતી બ્રાહ્મણોનો એક વર્ગ છે. અનાવલ ગામની સ્કંદપુરાણની ઊના ઝરા, રામચંદ્ર દ્વારા રાવણવધના પ્રાયશ્ચિત સમયે હિમાલયથી આણેલ બાર ગોત્રના બ્રાહ્મણો તે અનાવિલ. યજ્ઞ બાદ દક્ષિણા ન સ્વીકારતા આ બ્રાહ્મણોથી રૂષ્ટ ભગવાન રામચંદ્રએ તેમના વેદના અધ્યનના તથા પ્રતિગ્રહના અધિકાર નષ્ટ કર્યાં. ઉપરાંત શ્રાપ આપ્યો કે હવે પછી તમે વૈશ્ય વૃત્તિથી જીવજો. આ રીતે બ્રાહ્મણમાંથી ભ્રષ્ટ થતાં એ 'ભાઠેલા કહેવાયા.''

મુંબઈ ઈલાકાના ગેઝટીયરમાં મળતી વિગતો પણ રસપ્રદ છે. એમાં દર્શાવ્યાં મુજબ :

**અનાવલા :** આ જાતિ મસ્તાન અને ભાથેલાના નામે પણ ઓળખાય છે. એમની વસ્તી ૪૦,૩૩૪ (સને ૧૯૦૧) છે. સુરત જિલ્લામાં અને પાસેના વડોદરા વિસ્તારમાં એ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના આ શ્રેષ્ઠ ખેડૂતો છે. અનાવલા નામ અનાવલ પરથી આવ્યું છે. જે સુરતથી ચાળીસેક માઈલ દૂર આવેલું ગાયકવાડી ગામ છે અને ત્યાંના ગરમ પાણીના ઝરા મશહૂર છે. મસ્તાન અને ભાથેલાની ઉત્પતિ વિષે સ્પષ્ટતા નથી.

**જિલ્લા સર્વસંગ્રહ :** વલસાડમાં અનાવિલ બ્રહ્મણો : નીચે મુજબનું લખાણ મળે છે. અનાવિલ શબ્દનો અર્થ પવિત્ર અથવા શુદ્ધ એવો થાય છે. એવી માન્યતા છે કે બીલીમોરા-વઘઈ રેલવે પર આવેલા અનાવલમાં આ બ્રહ્મણોએ પ્રથમ વસવાટ કર્યો હતો, એટલે તેઓ અનાવિલ બ્રાહ્મણ તરીકે ઓળખાયા. અનાવિલોમાં મુખયત્વે વશિષ્ઠ,

**સદ્ગત માતૃશ્રી અ.સૌ. ઉષાબહેન અજીતભાઈ દેસાઈ ધમડાચી હાલ બોરીવલીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પુત્રીઓ બંસી તથા કુંજન દેસાઈ ધમડાચી હાલ બોરીવલી, મુંબઈ

કશ્યપ, અત્રિ, પરાશર, ગૌતમ, ઉશનસ, ગાલવ વગેરે ગૌત્રો છે. અનાવિલો એ પોતાના મૂળ ગામનો ત્યાગ કરી સુરત વલસાડ વિસ્તારમાં જુદે જુદે સ્થળે વસવાટ કર્યો. ઈ.સ. ૧૮૨૨માં તેમના વિશે કેટપ્ન ન્યૂપોર્ટે લખેલું કે "હું અનાવિલોને સારામાં સારા ખેડૂતોની ગણતરીમાં મુકૂં. સાધારણ રીતે તેઓજ જમીનની મોટા ભાગની માલિકી ધરાવે છે. તેઓ ચપળ અને ઉદ્યમી છે અને હાળીઓની મદદથી તેઓ ખેતી બાબત સારામાં સારી કાળજી રાખવાને શકિતમાન નીવડયા છે. આ રીતે એમની ખેતી આબાદ છે. બ્રાહ્મોની બુદ્ધિમત્તા સાથે તેમનામાં પ્રબળ કાર્યશકિત નજરે પડે છે. અને મંમેશ તેઓ તેમની ઉન્નતિ માટે પ્રયત્નશીલ રહે છે. તેઓ ઘણુંખરૂ ઊંચી જાતના પાક ઉગાડે છે. તેમના ઉદ્યમને પરિણામે આજે તેમને દક્ષિણના ખેડૂતોને અપ્રાપ્ય ગણાય એવા સુખ, સાધન અને સંપત્તિ ભોગવવાને મળે છે.

અનાવિલો અયાચક છે અને તેમનામા કર્મકાંડી બ્રાહ્મણ વર્ગ નથી. અંગ્રેજી શિક્ષણ લઈને તેઓ સામાજિક આર્થિક રીતે આબાદ થાય છે. કેટલાક વિદ્વાનો અને દેશભકત અનાવિલો ભારત ભરમાં વિખ્યાત થઈ ગયા છે. આ કોમના ઘણાએ રાવસાહેબ, રાવ બહાદુર અને રાજરત્નના ખિતાબો અંગ્રેજો તરફથી મેળવ્યા છે. સારા ખેડૂતો તેમજ વેપારી તરીકે પણ તેમણે નામના પ્રાપ્ત કરી છે. હોમરૂલ લીંગ કે સ્વદેશી પ્રચાર (૧૯૦૫-૨૦) જેવી ચવળમાં શ્રી દયાજીભાઈ દેસાઈ જેવોએ ભાગ લીધો હતો. દક્ષિણ આફ્રિકામાં પણ કેટલાએ અનાવિલોએ મહાત્મા ગાંધીજીની પ્રવૃત્તિમાં સાથ આપ્યો હતો. ૧૯૩૦ની ધરાસણાની લડતમાં અનાવિલ ભાઈ-બહેનોએ ભારે નીડરતાથી અંગ્રેજ સરકારના અન્યાયનો સામનો કર્યો હતો અને જેલની સજા પણ ભોગવી હતી. અનાવિલોમાં શિવમાર્ગી અને વિષ્ણુમાર્ગી બંને પ્રકારના નામો સાંપ્રદાયિકના દ્યોતક છે.

અનાવિલોને 'ભાઠેલા' તરીકે પણ ઓળખવવામાં આવે છે. મુગલ અને મરાઠા અમલમાં કેટલાક શકિતશાળી અનાવિલોને રાજયની સેવા કર્યા બદલ તથા ભવિષ્યમાં વફાદારીપૂર્વક રાજયની સેવા કરે એટલા ખાતર 'દેસાઈ' નો ઈલ્કાબ આપવામાં આવતો. પારડી તાલુકાના અનાવિલોના કેટલાક કુટુંબો પોતાને 'દેસાઈ' ગણાવે છે. મુગલ અને મરાઠા રાજયોમાં દેસાઈઓનું ભારે વર્ચસ્વ હતું. છત્રપતિ શિવાજી મહારાજે તેમની પાસેથી સત્તા ખૂંચવી લીધી. બ્રિટીશ સરકારે પણ અનાવિલોની અગાઉની સરકારની સેવા બદલ મળેલ જાગીરના ગામો લઈ લીધાં. અનાવિલોમાં દેસાઈ, વશી, નાયક, મહેતા જેવી અટકો જોવા મળે છે.

અન્ય હિન્દુજ્ઞાતિઓની માફક અનાવિલો પણ દેવદેવીઓ, પ્રાણી, વનસ્પતિ વગેરેની પૂજા કરે છે. પ્રત્યેક શુભ કાર્યના આરંભમા ગણપતિની પૂજા કરે છે. ગણેશ ચતુર્થીના દિવસે રિદ્ધિ-સિદ્ધિના આ સ્વામીની ખાસ પૂજા  કરે છે. અનાવિલોના આરાધ્ય દેવ ભગાવાન શંકર છે. અનાવલ ગામનું શકલેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આની સાક્ષી પૂરે છે. શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે તેમજ સામવતી અમાસ, શિવરાત્રી જેવા દિવસોએ તેઓ

**સદ્ગત માતૃશ્રી અ.સૌ. મંજુલાબેન તથા પિતાશ્રી રમેશચંદ્ર છોટુભાઈ દેસાઈ, પુણી હાલ સોનગઢના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** શ્રીમતિ નીલા હરેન્દ્ર દેસાઈ, વલસાડ

બહુજ ભકિતભાવપૂર્વક શિવજીની અહીં 'પૂજા' કરે છે. આ ઉપરાંત અંબાજી, કાલિકા, પાર્વતી, બહુચરાજી હનુમાનજી વગેરે દેવદેવીઓને તેઓ માને છે. ગોત્રજ કુળદેવીની પણ પૂજા કરે છે. કેટલાક અનાવિલ કુટુંબો આર્યસમાજી પણ છે (જિલા સર્વસંગ્રહ-વલસાડ)

જાણીતા 'પ્રસ્ઝાન માસિકના' જેઠ સં. ૧૯૮૮ એટલે કે સને ૧૯૩૧માં લખાયું છે કે : અનાવિલ કોમ જાહેર કોમ મનાય છે. સ્વતંત્રના એ એમનો મુદ્રાલેખ છે. બુદ્ધિ, શૌર્ય, સાહસ એમનાંજ કહેડાવે છે. જે કામ હાથમાં ઘર્યું હોય તેને સુંદર રીતે પાર પાડી શકે છે.

જમીન અને દેસાઈગીરી વિષે સપ્ટેમ્બર ૧૯૩૬ના "અનાવિલ પોકાર"માં લખાયું છે કે, "અનાવિલો રાજવંશી હતા ને એમનું રાજ હતું પણ એ પણ ચોકકસ, કારણ કે અનાવિલોને દેશાઈગીરી મળે છે. તેમાં દેસાઈ ગીરીના સનદમાં ઈનામી ને સરકારી ગામના કેટલાકની છે. કેટલાકની ચાકરિયાત ગામની છે. કેટલાકની વજીફદાર ગામની છે , ત્યારે કેટલાકની ચીરડાંની છે.

ઈનામી તે સારા કામ બદલની, સરકારી તે પોતાની માલિકીની વજીફદારીતે ભાયાતોને પોષણની અને ચીરડાં તે બહેનોને ચીર (કપડાં) બદલના આપેલાં ગામોની. ભાગીદારી વઘુ થવાથી બ્રિટીશ સરકારે ગામો લઈ રોકડ હક બાંધી આપ્યાં."

સ્વ. લલ્લુભાઈ ભદેલીકરના મતે "અનાવિલોએ વનરાજ તથા કરણથેલાના વખતમાં સારી સેવા બજાવી હતી. તેઓ મહાન યોદ્ધા અને રાજદ્વારીઓ હતા. ત્યારબાદ શિવાજીના વખતમાં ભૂખણ કવિની છટાદાર કલમથી તેઓ અમર થયા. તેઓએ મોટું રાજય સ્થાપ્યું હતું. એમ ભૂખણ કવિ લખે છે. તેનું મુખ્ય શહેર અનાવિલ હતું. ત્યાંથી જુદાં જુદાં ગામોમાં અનાવિલો વિખેરાયા.. મોગલાઈ પેશ્વાઈમાં તેઓએ રાજભકિત બતાવી. જાગીરો તેમજ ઈનામ મેળવ્યાં. છેવટે પેશવાઈ પણ ભાંગી પડી. પણ પરાક્રમી અનાલિલોની જાગીરો કાયમ રહી. અંગ્રેજી રાજયની શરૂઆતમાં તેઓનું તેજ ઝાંખુ થયું. તેઓ હવે ઈજારદારો રહી શકયા નથી. ખેતીની પાછળ તેઓ મંડયા. આગલી જાહોજલાલી, પરાક્રમો, કીર્તિ અને જુસ્સો સઘળાં ગયાં."

ઉત્તર પ્રદેશના 'શ્રી કુબેરનાથ રાય શોધ સંસ્થાન' ની ભૂમિહાર બ્રાહ્મણો અંગેની રીસર્ચ મુજબ :

"અનાવિલ શબ્દ અવનિપાલનું અપભ્રશ છે. અનાવિલોમાં મુખ્ય એવા 'દેસાઈ'નો અર્થ 'દેશ સ્વામી' થાય છે. શબ્દ સમ્રાટ શ્રી કુલદીપ નારાયણ રાયના મતે અન+આવિલ એટલે નિષ્યાચ બ્રાહ્મણ જેવો અર્થ થાય છે. એ લોકો અયાચક તેમજ દાની છે.

અનાવિલોમાં બે વિભાગ જોવા મળે છે.

(અ) ભાટલ = વીર અને

(બ) દેસાઈ = દેશસ્વામી.

અનાવિલોની મુખ્ય વિકાસ ભૂમિ ગુજરાત પ્રાંત છે. છતાં મધ્યકાળમાં તેઓએ.

૧) ઘારવાડ. ૨. કિત્તૂર અને ૩) આંધ્ર સુધી

**સદ્‌ગત જયોતિબેન ભૂપેન્દ્રભાઈ દેસાઈ - ગણદેવીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** ભૂપેન્દ્રભાઈ ચુનિલાલ દેસાઈ પરિવાર, ગણદેવી

જઈને રાજય સ્થાપ્યાં.

આ ભૂમિહાર બ્રાહ્મણોનાં ગોત્ર છે.

૧. કશ્મય. ૨. શાડિલ્ય, ૩. ભારદ્વાજ, ૪. વત્સ, ૫. સાવર્ણ, ૬. ગૌતમ, ૭. વશિષ્ઠ, ૮. ભટાને, ૯, કોન્ડિલ, ૧૦, ગર્ગ, ૧૧. ભાર્ગવ, ૧૨. પરાશર વગેરે આમ આ પુસ્તક અનાલિલ વસાહતો પર નવો પ્રકાશ પાડે છે.

આ તો વાત થઈ અનાવિલોના અતીતની આ ભૂમિકા અનાવિલોની આગવી ઓળખ આપવામાં ઉપયોગી થઈ પડે એમ છે. જજો કે આપણે વાત કરવી છે વીતેલી સદીના અનાવિલ સમાજની. એ પર પ્રકાશ પાડનાર ગ્રંથો છે.

(૧) નવસારી પ્રાંત સર્વસંગ્રહ

(૨) ગુજરાતી બ્રાહ્મણ (અનાવિલ દેસાઇ) જ્ઞાતિના સાંસરિક રીતરિવાજોનું એકીકરણ : વડોદરાનું દેશી કેળવણી ખાતુ પ્રકાશન ઈ.સ. ૧૯૧૪ સંવત ૧૯૭૦ (નોંધ : ઉપરોક્ત અતિ ઉમયોગી પુસ્તક શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળના સંનિષ્ઠ ટ્રસ્ટુ શ્રી નટવરલાલ ડાહ્યાભાઈ દેસાઈ ખરોલી, (વડોદરા) એ સુલભ કરી ભારે સમૃધ્ધિ આણી દીધી એથી એમનો આ તકે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.)

(૩) અનાવિલ પોકાર (જુના અંકો એ ટ્રસ્ટીશ્રી નટવરલાલ મણિભાઈ નાયક દ્વારા સુલભ બન્યા.)

(૪) અનાવિલ જગત

(૫) જય શુકલેશ્વર ઈત્યાદિ.

આ પૈકી "નવસારી પ્રાંત સર્વસંગ્રહ" ના કર્તા રા. બ. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ નવસારી પ્રાંતમાં સદીની શરૂઆતમાં પ્રાંતની કુલ બ્રાહ્મણ વસતી ૧૫,૭૬૭ પૈકી ૯,૫૫૯ અનાવલા ગણાવે છે. એમના મતે.

"અનાવિલા આ પ્રાંતના સર્વોપરિ ખેડૂત છે. તેઓનો મૂળ વાસ મહુવા તરફ અનાવલ ગામ આગળ હતો. તેઓ બાઠેલા કે માસ્તાન એ નામે ઓળખાય છે. સુરત પાસે કતારગામના ભાઠેલાના કેટલાક કુટુંબની અટક 'કનાજીઆ' છે. ઉઢીઆના ખેડૂત બ્રાહ્મણ અને સિદ્ધપુરમાં વસેલા કેટલાક બ્રાહ્મણો પણ માસ્તાન કહેવાય છે. આ ઈલાકાના એટાવા તાલુકામાં બ્રાહ્મણોનો એક ખેડૂત વર્ગ છે. તે ભાઠેલી કહેવાય છે. બાઠેલામાં બે અટક છે, વસી એટલે જયાં પ્રથમ વસ્તી કરેલી ત્યાંજ રહેતા તે અને નાયક એટલે અસલ ઠેકાણેથી ખસી બીજે ઠેકાણે જઈ વસ્તી કરેલી તે. કનોજ મહાસ્થાનના માટે માસ્તાન એમ એક અંગ્રેજ કહે છે પણ સમસ્તજન ઉપરથી માસ્તાન હોવાનો સંભવ વિશેષ છે.

એનો અર્થ અમુક એક કુળના માણસોને મોટો જથ્થો કે મોટા જથાવાળા એવો થાય છે. માસ્તાન સૌની એવી એક જ્ઞાતિ પણ છે. ભાઠેલો એ ભ્રષ્ટ દ્વિજનો અપભ્રંશ હોય એમ લાગે છે. કહેવાય છે કે ડુંગરવાસીઓને રામે બ્રાહ્મણ કીધા હતા તે અનાવલા.

રા. બા. ગોવિંદજી દેસાઈના પતે સદી પૂર્વેના અનાવિલોની ખાસિયતો નીચે મુજબ હતી :-

(૧) અનાવિલ જ્ઞાતિમાં કોઈ ભિક્ષુક નથી. એમાં સઘળા અયાચક છે.

(૨) તેઓ અજુર્વેદી અને શેવમાં ગણાય છે.

**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. કાંતાબેન તથા પિતાશ્રી રમણલાલ અંબેલાલ દેસાઈ, ધમડાચીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પરિવાર તરફથી

(૩) જ્ઞાતિમાં ધારાના અમલ બાબત ઝાઝી દરકાર હોતી નથી.

(૪) તેઓ નિત્ય ઉદ્યમી, સમયે સમયૈ સાહસિક અને મોટાઈને ઈચ્છનારા છે.

(૫) પરોણાની ખાતર કરવે તેઓ સારા કહેવાય છે.

નવસારી પ્રાંત સર્વસંગ્રહ સદી પૂર્વેના અનાવિલો વિષે જણાવે છે કે ઓગણીસમી સદીના અનાવિલો જમીન અને ખેતી પર આશ્રિત હતા પરંતુ વીસમી સદીના આરંભ કાળે "કેટલાક વાંચતા લખતા શીખીને ગામના તલાટી તથા ગામના મહેતાજી થયા છે,કેટલાક ધંધો કરે છે કેટલાક વકીલ થયા છે ને થોડાક સરકારી નોકરીમાં મોટા ભરોસાના જવાબદારીના દરજજા પર ચઢયા છે."

**અનાવિલોની સંસારી સ્થિતિ :** ગ્રંથમાં જણાવાયું છે કે "સંસારી સ્થિતિએ અનાવલમાં દેસાઈને ભાઠેલા એવા બે વર્ગ છે. પેશવાઈમાં ને અંગ્રેજીની શરૂઆતમાં કેટલાક અનાવલાઓ મુલકની ઉપજ ઉઘરાવનારા કે તેના ઈજારા રાખનારા કે ગામોની સંભાળ રાખનારા અધિકારી હોવાથી 'દેસાઈ'ના નામે ધરાવતા થયાં. કેટલાક બહુ ધન તથા સત્તા મેળવીને જમીનદાર કે તાલીકદાર, એ તામે પદવીવાળા કહેડાવી બસો બસો ત્રણસો ત્રણસો હાળી-ગુલાપ રાખતા થયા. ઉપરી સરકારની બેદરકારીમાં કેટલાક આપો અખત્યારી ચલાવી, કરો મૂકી ખેડૂતોને પોતાના તાબેદાર કરી મૂકયા.

અંગ્રેજ સરકારે ઈજારાતો ચાલ બંધ કરી ખાતાબંધીની રીત દાખલ કરી. તેમાં દેસાઓની સત્તા છે કે ઓછી થઈ ગઈ અને તેઓ નિર્ધન થયા.

ઉપર મુજબ કુળ બંધાયાથી જે વર્ગ ઊંચો મનાયો તે પૈકી ગણદેવી, પલસાણા, મહુવાના કેટલાંક ઘરો ઉંચા મનાયા. દેસાઈ કુળની દીકરી દેસાઈ કુળમા જાય છે. પરંતુ ભાઠેલા ધનવંતો પોતાની દીકરી દેસાઈને આપવામાં મોટું માન માની લે છે. દીકરીનાં લગ્નનો, તે પતિના ઘરે જાય ત્યારે સુપડાંની રીતનો, તેને સીમંત આવે ત્યારે બાળક અવતરે ત્યારે તેમજ એને લઈને સાસરે જાય ત્યારની રીતનો ભારે ખર્ચ છોકરીવાળાને થાય છે. કયારેક આ ખર્ચ પેટે જમીન અને ઘર પણ ગીરો મૂકવાં પડે છે.

પરંતુ હાલ ભાઠેલા વર્ગની સ્થિતિ બહુ સુધરી છે. તેઓ કણબી ખેડૂત જેવા મહેનતુ ને તજવીજે ખર્ચ ચલાવનાર નથી છતાં પોતાનાં કામમાં કુશળ છે. તેઓ કેટલાંક ગામમાં મોટા ખાતેદાર છે. ઊંચો પાક પેદા કરે છે ને ઢોર તથા ઘર પણ તેઓનાંજ સારાં હોય છે.

"ગુજરાતી બ્રાહ્મણ (અનાવિલ દેસાઈ) જ્ઞાતિના સાંસારિક રીતરિવાજોનું એકીકરણ" નામના ગ્રંથમાં જણાવાયું છે. કે, "અનાવલા જ્ઞાતિનો જથો આ રાજયના નવસારી પ્રાંતમાંજ માત્ર છે. બીજા પ્રાંતમાં માત્ર નોકરી કે ધંધાને અર્થે જ જાય ને રહે. પણ તેમને સર્વ પ્રકારના વ્યવહાર નવસારી પ્રાંતમાં પોતાના વતન તરફ જઈ કરવાના હોય છે.

**ગઈ સદીની અનાવિલ વસ્તી :** વડોદરા રાજયમાં સન ૧૯૦૧ની વસ્તી ગણત્રી પ્રમાણે અનાવલ જ્ઞાતિની વસ્તી પુરૂષ ૫૮૦૦+ સ્ત્રી

૫૦૬૨=૧૦૮૬૨ કુલ છે.

ગુજરાતમાં બ્રિટીશ રાજયની હદમાં તેમજ બીજા દેશી રાજયોમાં અનાવલા જ્ઞાતિની વસ્તી લગભગ ૨૮,૦૦૦ (અઠ્ઠાવીસ હજાર) ની હોવાનું જણાય છે.

**સદીની શરૂઆતમાં અનાવિલ જ્ઞાતિની સાંસારિક સ્થિતિ :** સંવત ૧૯૭૦ એટલે કે ઈ.સ. ૧૯૧૪માં પ્રકાશિત થયેલ આ ગ્રંથમાં અનાવિલ જ્ઞાતિની તે સમયની સાંસારિક ખાસિયતો દર્શાવાય છે જે સંક્ષેપમાં નીચે મુજબ છે.

(૧) અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિમાં ભાણા વ્યવસર એક સરખો છે. પરંતુ ઉપલા વર્ગમાળા (દેસાઈ) નીચલા વર્ગવાળા (ભાઠેલા કે માસ્તાન)ની કન્યા (વાંકડો વધારે મળે તો) લાવે ખરા પણ પોતાની કન્યા તેમને આપે નહીં.

(૨) નર્મદાથી વલસાડ સુધીમાં આ જ્ઞાનિ છે અને તેમનામાં ભાણા વ્યવહાર તેમજ સરખા સરખીમાં બેટી વ્યવહાર છે. પારડી તાલુકાના તથા ભરૂચમાં અનાવિલો સાથે કન્યા વ્યવહાર નથી પણ કોઈ પ્રયત્ન કરે તો આવો વ્યવહાર થઈ શકે.

હાલ અબ્રામા, જલાલપુર, સુલ્તાનપુર, ભાગડા વગેરે દશ બાર ગામના અનાવલોએ દેસાઈ વર્ગમાં કન્યા આપવી બંધ કરી છે. તે એટલાં જ કારણથી કે કન્યા આપતાં વધારે ખર્ચ થાય. અને પોતાના છોકરાને ઉપલા વર્ગમાંથી કન્યા મળે નહીં તેથી માંહોમાહે આપલે કરવા માંડી છે. તો પણ આ વર્ગનો બીજા વર્ગમાં કન્યા આપે તો તેને ત્યાત બહાર કાઢવા જેવી જ્ઞાતિ શિક્ષા નથી.

(૩) આ જ્ઞાતિમાં કોઈ પરગામનું કુટુંબ આવે તો કોઈપણ શરત વગર તેને ન્યાતમાં દાખલ કરવામાં આવે છે.

આ જ્ઞાતિનો ઘણો ભાગ ખેતી કરે છે એટલે ઘણે ભાગે એક કુટુંબ પાતાની જમીન વગેરે છોડી બીજે રહેવા જતું નથી અને કોઈ જાય તો તે ગામમાં લગ્ન વગેરે કરવામાં વાંધો આવતો નથી. પોતે જમવા જવા વગેરે માટે પોતાને ત્યાં અવસર આવે ત્યારે લોકોને ન્યાત કરી જમાડે છે. અને જેટલાને જમાડે છે તેટલા સાથે જમવાનો વ્યવહાર બંધાય છે. એ સંબંધમાં કંઈ પ્રતિબંધ નથી.

(૪) ગામ પરત્વે કુળ પહેલાં ગણાતું હતું. તે હવે વ્યકિત પરત્વે ગણાવા લાગ્યું છે. એટલે હવે માત્ર ગામના કારણને લીધે કોઈને શોપવું પડતું નથી.

વલસાડથી સુરત સુધીની હદમાંથી અનાવલાની કન્યા ગમે તેને લાવે તેને વાંધો નથી. વલસાડથી આગળની કન્યા કોઈ લાવતું નથી અને તે તરફના લોકો આપતા પણ નથી.

(૫) જ્ઞાતિની સત્તા હાલમાં અવ્યવસ્થિ છે.

(૬) જ્ઞાતિની સત્તા જ્ઞાતિમાં બિલકુલ નથી. અહપણું વધારે છે. અને સવતંત્રતા વધારે પ્રસરેલી છે માટે સત્તા હોય તો તે જ્ઞાતિજનો માને પણ નહીં. વળી ન્યાતમાં શેઠ, પટેલ અથવા પંચ એ તો ન્યાતની સત્તાને માનતા નથી એવો કેટલાકનો અભિપ્રાય છે તો કેટલાક ન્યાતથી ડરીને ચાલે છે.

**જ્ઞાતિનો વિભાગો :** (૧) આ જ્ઞાતિમાં દેસાઈ અને ભાઠેલા એવા બે વર્ગ છે પરંતુ ‘સદ્ધર્મ સમાજ’ વાળાએ ત્રીજો વિભાગ પેદા કરવા જેવું કર્યું

**સદ્‌ગત માતૃશ્રી મણિબહેન તથા પિતાશ્રી નિછુભાઇ ગુલાબભાઇ દેસાઇ તલાવચોરાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** રમેશભાઇ એન. દેસાઇ, તલાવચોરા, અંધેરી તથા સમસ્ત પરિવાર

છે.

(૨) આ વિભાગોમાં રોટી વ્યવહાર તથા બેટી વ્યવહાર છે પરંતુ ઊંચ નીચના ભેદને લીધે કન્યા વ્યવહાર અર્ધો છે.

(૩) કોઈ પણ શુભ અગર અશુભ પ્રસંગે જ્ઞાતિના બધા વિભાગ એકઠા થાય છે.

(૪) આ બધા વિભાગના લોકો એકઠા જમે છે.

(૫) કન્યા આપલે બાબતમાં આ જ્ઞાતિમાં એવો રિવાજ છે કે ભાઠેલા પોતાથી ઊંચા ભાઠેલાને કન્યા આપે છે. ઊંચા ભાઠેલા મધ્યમ દેસાઈને આપે છે. મધ્યમ દેસાઈ ઊંચા દેસાઈને આપે છે. હાલ કેટલાંક ગામના છેલ્લી સ્થિતિના દેસાઈ દેસાઈને કન્યા આપવા બાબતે ઊંચા દેસાઈને કન્યા ન આપવા ઠરાવી તે પ્રમાણે ચાલે છે. ભાઠેલાની કન્યા દેસાઈ લે છે, પણ તેને આપતા નથી.

(૬) ઉતરતા ચઢતા વિભાગ પડયાનું કારણ કન્યા આપલેનો સંબંધ આબરૂ, રહેણી કરણી, રીતભાત, બોલી ચાલી અને આર્થિક સ્થિતિ જણાય છે પરંતુ એ વિભાગોમાં કન્યા આપ લેનો સદંતર વહીવટ બંધ ન હતો.

(૭) બંને વર્ગો એકઠા જેવાજ છે. કન્યાની આપલે ઊંચ નીચના ભેદથી થતી નથી.

આમા સુધારો કે ફેરફાર વ્યકિત સુધારાથી થવા સંભવ જણાય છે.

અનાવિલ સમસ્ત જ્ઞાતિમાં તડ કે પખાં નથી. ગામ પરત્વે કન્યાવ્યવહાર લગભગ નથી. અમુક ગામ નીચું છે એટલાજ કારણથી કન્યા કે રોટી વ્યવહારમાં વિક્ષેપ આવતો નથી પરંતુ દેસાઈઓ નીચેનાની કન્યા લે છે ખરા પરંતુ કન્યા આપતા નથી. આ વાત સદીની શરૂઆતમાં વર્ષોની છે.

સદીની શરૂઆત થઈ એ પૂર્વે ગામઠી નિશાળાએ ચાલતી ગામઠી નિશાળમાં છોકરાને બેસાડતી વખતે મહેતાજી છોકરી દીઠ રૂમિયો કે બે રૂપિયા લેતા હતા. પરંતુ સદીના આરંભથી સરકારી શાળાઓ સ્થાપવા માંડી તેમાં છોકરાને બેસાડતી વખતે પતાસાં વહેંચવાનો રિવાજ હતો. મહેતાજી કંઈ પણ ફી સ્વીકારતા નહિં.

અનાવિલ કિશોરોને જનોઈ દેવાનો રિવાજ દરેક કુટુંબમાં પળાતો.

લગ્ન માટે વિવાહ કરતી વખતે કુળ જોવાનો રિવાજ પ્રચલિત હતો. કુળ બાબતે ૧. વરતાં માબાપના કુળની હકીકત, ૨. વર્તમાન સાંસારિક સ્થિતિ, ૩. ન્યાતમાં જળવાતો સંબંધ, ૪. વતન, વજીફા, દેસાઈગીરીના હકકો, ૫. છોકરા પરણાવવામાં નડતર વાતો વાંકડો વગેરે. ૬. કુટુંબના માણસોની રીતભાત, સદ્ગુણ, બુદ્ધિ કૌશલ્ય વગેરે,

કેલાંકટ કુટુંબો કેળવણી, રોજગાર, નાણાં સંબંધી હાલત સુધરવાથી નીચેની સ્થિતિમાંધી ઉપર ચઢતાં ગયાં અને તેમને સારા ઘરની કન્યાઓ મળવા લાગી.

**કુળની ઊંચાઈનાં ધોરણો :** એ અરસામાં (ઈ.સ. ૧૯૧૪) કુળને ઊંચુ ગણવાનાં સામાન્ય ધોરણો નીચે મુજબ હતાં.

૧. કુટુંબના માણસોના સદ્ગુણ.

૨. કુટુંબના માણસોની રીતભાત, બુદ્ધિ કૌશ્લ્ય

---

**સદ્ગત મોટામામા હસમુખરાય, નાનામામા રમેશચંદ્ર અંબેલાલ દેસાઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પ્રેમલ દેસાઈ હરિયા હાલ જર્મની

૩. કુટુંબની મિલ્કત

૪. વતન વજીફો સારો હોવાથી જેમની સ્થિતિ પ્રથમ સારી હોય

૫.ઘણે ભાગે જેમણે હંમેશા પોતાને ત્યાં સારા ઘરની કન્યા મેળવેલી હોય.

૬. પાંચ સાત પેઢીથી ઊંચા કુળના મુકરર થયેલા હોય.

સદીની શરૂઆતમાં વિશ્વયુદ્ધ થતાં અનાવિલોની આર્થિક સ્થિતિ અસરગ્રસ્ત થઈ. કેટલાક નીચા પગથિયાં પર ઊભેલા અનાવિલો પરિશ્રમના બળે સારી એવી કમાણી કરી ઉપલી પાયરી ચઢી શકયા. ભાઠેલાઓમાંનો એક વર્ગ હવે વાંકડો આપીને દીકરીને 'દેહણ' બનાવવા લાગ્યો. એમની પાયરી સમાનો વચ્ચે ઊંચી ચઢતી જણાઈ. જોકે આ રીતે દીકરીને 'દેહણ' બનાવતાં એ બાઠેલા કુટુંબને અનેક રીતે આર્થિક ઘસારો વેઠવો પડતો. કન્યાના વિવાહ પહેરામણી, જાન ખર્ચ, લગ્ન સમયે વાંકડો, જાનને જોગવવી એટલું જ નહિ પલ્લા, દરદાગીના, જ્ઞાતિભોજન , આણાં વખતનાં ક્રિયાવર, સૂપડાં, સાસરવાસો, સપરડાં જેવા અનેક પ્રસંગો જોગવવા પડતાં.

આ બધું થતા કન્યા પક્ષને કંઈ લાભો તથા ખરા એવો પ્રશ્ન સ્હજે ઊભો થાય. એવા લાભો નીચે મુજબ ગણાવાતા.

૧) કન્યા 'દેહણ' બનવાથી તેનાં મા બાપ તેમજ કુટુંબના માન પાન સમાનોમાં વધતાં.

૨) કન્યાના સંતાન દેસાઈ સંસ્કારવાળા મોસાળમાં સારી સંસ્કારજન્ય છાપ ઉપસાવતાં.

૩) કન્યા વિધવા થાય તો પણ સાસરિયામાં સારી રીતે જીવન ગાળી શકતી પિયર પક્ષે ખાસ ઘસારો વેઠવાનો રહેતો નહિ.

આવા અનેક લાભોમાં મુખ્ય તો ભાઠેલાઓમાં ચઢતી પાયરી મળવાતે પરિણામે એ જમાનામાં કહેણી પ્રસિદ્ધ થઈ કે :

"થારી વેચ, પારી વેચ
પણ દીકરીને દેહણ કર."

આમ ખમતીધર ભાઠેલા તો દીકરીને 'દેહણ' કરતાજ પણ દેખાદેખીમાં ઓછા ખમતીધારો પણ તેમની પાછળ ખેંચાવા લાગ્યા આથી નીચલા ઘસાઈ ગયેલા દેસાઈઓના પણ ભાવ વધતા ગયા. પરિણામે જ્ઞાતિમાં એક સામાજિક વિષમતા ઉભી થતી ગઈ. આ દેખાદેખીની ખેંચતાણે જ્ઞાતિમાં એક સંઘર્ષે ઉભો થયો જેને પરિણામે જ્ઞાતિના આગેવાનો, વિચારકો અને કહેવાતા કર્ણધારો યા નેતાઓને ય સુજ્ઞજનોએ એમાંથી જ્ઞાતિને સુયોગ્ય માર્ગદર્શન આપવાના પ્રયાસો શરૂ કર્યા. આવા પ્રયાસોનું પ્રથમ સ્વરૂપ એટલે સદ્ધર્મ સમાજ !

સમસ્ત કોમના કલ્યાના શુભ હેતુથી સને ૧૯૪૩ મહા સુદ ૧૫ તા. ૮-૨-૧૯૮૭ના રોજ સુરતમાં કડવા બાવાની વાડીમાં સદ્ધર્મ સમાજનો પાયો નંખાયો. ૨૧૬ સંભ્રાન્ત કુટુંબો એમાં સામેલ થયાં. સમાજના હેતુઓ ભારે પ્રગતિશીલ અને પ્રસંસનીય કહેવાયા એવા રહ્યા. એમાં મુખયત્વે :

૧. કન્યા વિક્રય, વર વિક્રય, સાટાં તેમજ કજોડાનો નિષેધ, ૨. બાળ લગ્ન અટકાવવાં, ૩. રડવા કૂટવાનો તેમજ મૃત્યુ પાછળ થતા ખર્ચોનો અટકાવ. ૪, એકથી વધુ પત્ની કારણ સિવાય પરણવાનો અટકાવ ઉપરાંત, ૫. ધર્મ અને નીતિની કેળવણીને ઉત્તેજન આપવું. ૬. ભ્રાતૃભાવનો

વધારો કરવો જેવા ઉદ્દેશ રહ્યા.

સદીની શરૂઆતમાં સદ્ધર્મ સમાજનું જોર સારૂં એવું રહ્યું. શરૂઆતમાં ત્રણ ચાર દશકા સુધીમાં સમાજની કુરૂઢિઓ વિરૂદ્ધ સારી એવી છગૃતિ ઉભી થતી ગઈ.

**વીસમી સદીની પ્રથમ ત્રીશી :** સને ૧૯૦૧ થી માંડીને સને ૧૯૩૦ સુધીનો કાળ અનાવિલ સમાજની કરવૃટ બદલનારો કાળ ગણી શકાય. એ સમયે સમાજની ચાલ નોંધપાત્ર હતી.

૧. બાળલગ્નોનો રિવાજ દરેક અનાવિલ કુટુંબમાં પ્રચલિત હતો.

૨. આને પરિણામે બાળ વિધવાનું પ્રમાણ સારૂં એવું.

૩. વિધવા પુનર્લગ્નનો અનાવિલોમાં ચાલ ન હોવાથી વિદેશી પ્રવાસીઓએ પણ ખાસ નોંધ લીધી છે.

૪. જીવતી પર બીજી કરવાનો ચાલ જોવા મળતો.

૫. રડવા-કુટવાનો રિવાજ અમલમાં હતો.

૬. પ્રેત ભોજન ફરજિયાત જેવું. "બાપનું બારમું દેવું કરીને પણ કરવું પડતું."

૭. સીમંત, સપરડાં, સાટાં જેવા અનેક રિવાજો પ્રચલિત હતાં.

૮. સમાજમાં પ્રચલિન કજોડાં, દેજ તથા લગ્ન પાછળના દેખાડા, પલ્લાં, પહેરામણી, જાન ખર્ચ જેવા અનેક રિવાજો ફરજિયાત જેવા બની બેઠા હતા.

આથી થોડા વિવેક બુદ્ધિવાળાઓ અકળાતા અને તેમણે સમાજ સુધારાના પોતપોતાની રીતે પ્રયાસો આદર્યા જેમાં આપણા સમાજને અસરકર્તા મુખ્ય પરિબળો નીચે મુજબ ગણી શકાય.

(અ) આર્ય સમાજ દ્વારા ક્રાંતિકારી પગલાં.

(બ) સદ્ધર્મ સમાજ, ધારા મંડળ, સુધારક મંડળ જેવા મંડળોના પ્રયાસો.

(ક) શિક્ષણના પ્રસાર સાથે ઉભી થયેલી શિક્ષિત પેઢીના પ્રયાસો.

(ડ) ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો તેમજ રાષ્ટ્રીય ચળવળની અસરો

(ઈ) સરકાર દ્વારા કાયદેસરના લેવાયેલ પગલાં.

**આર્ય સમાજ દ્વારા ક્રાન્તિ :** આર્ય સમાજની સ્થાપના સ્વામી દયાનન્દે કરી એઓ વલસાડ પધાર્યા ત્યારપછી અનેક પ્રચારકો આ વિભાગમાં આવતા રહ્યા. મલવાડાના મુકુન્દજી કુંવરજી દેસાઈએ એમના આજીબા નંદકુંવરબા ૯૧ વર્ષની વયે ગુજરી જતાં તેમનું શ્રાદ્ધ સાર્યું નહિ. એથી ન્યાત બહાર મુકાયા. ચીખલી ખૂંધમાં દ્વારકાના શંકરાચાર્ય માધવતીર્થ સાથે ૧૮ વર્ષના યુવાન મુકુન્દજીએ વિવાદ કર્યો. સને ૧૯૦૭માં અનાવિલોમાં પ્રથમવાર વિધવા પુનર્લગ્ન યોજયું. ઉમરસાડીના મોનજી રૂદરની સાત વર્ષે વિધવા થયેલ કન્યાના નવ વર્ષની વયે પુનર્લગ્ન ચીખલીના એક વિધુર સાથે કરાવતાં જ્ઞાતિ આખી ખળબળી ઉઠી. મોનજી પરિવાર પર તો પસ્તાળ પડી અને તેમને ન્યાત બહાર મૂકી ભારે ત્રાસ વર્તાવ્યો. આ તરફ મુકુન્દજીએ તો અનેક વિધવાઓનાં પુનર્લગ્ન કરાવ્યાં.

એ સાથે આંતરજ્ઞાતીય લગ્નો પણ કરાવતા ગયા. પોતાનાં સંતાનોના પણ આંતરજ્ઞાતીયજ નહિ આંતર પ્રાન્તીય લગ્નો ગોઠવ્યાં. સમાજમાં

અસ્પૃશ્યતા વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી. ગાંધીજીના આગમન પૂર્વે અસ્પૃશ્યતા નિવારણ, સ્ત્રી શિક્ષણ, સામાજિક કુરૂઢિઓને વિચ્છેદ, સમાજ સુધારાની ઝુંબેશ જેવા અનેક પ્રગતિશીલ પગલાં ભરીને સમાજના રૂઢિચુસ્ત માળખાને હચમચાવી નાંખ્યું. તેમ છતાં શરૂ શરૂમાં અનાવિલોએ એમના કુટુંબનો, એમની પ્રવૃત્તિઓનો ભારે વિરોધ કર્યો. એમની વિધવા પુનર્લગ્નની પ્રવૃત્તિને દાબવા માટે શાસ્ત્રો તથા કાનૂની જંગ પણ મંડાયા ! પરંતુ 'અક્ષતયોનિ' કન્યાઓના પૂનર્લગ્નનો નિષેધ તો શાસ્ત્રોમાં સુદ્ધાં ન મળ્યો. પરિણામે વિરોધીઓના હાથ હેઠે પડયા.

આર્ય સમાજે મૂર્તિપૂજાનો વિરોધ કરીને જે મધપૂડો છંછેડયો હતો તે માટે અનાવિલ સમાજ શંકરાચાર્યનું શરણું લીધું. ખુંધમાં અને એ પછી અમલસાડમાં શાસ્ત્રીય વિવાદ યોજાયો ૩-૪ દિવસય પર્યન્ત ચાલેલા વાદવિવાદનું કોઈ દેખીતું પરિણામ ન આવ્યું પરંતુઉપસ્થિત હજારોની મેદનીએ દેખીતી રીતે આર્યસમાજના પલડાંને વજનદાર બનતું અનુભવ્યું. પરિણામે આર્ય સમાજ પ્રત્યે અનાવિલોનું વલણ કુણું પડતું ગયું અને ગામોના સેંકડો અનાવિલ કુટુંબો આર્ય સમાજી બનતાં ગયાં.

**સુધારાની ઝુંબેશ :** અનાવિલોમાં શિક્ષણ વ્યાપ પણ ધીરે ધીરે વધતો ગયો. પાશ્ચાત્ય પ્રભાવે જ્ઞાતિના યુવાનોએ શું જોયું ?

"સાટાંનો સડો, બાળલગ્નની બદી, કુટવાંના રિવાજની કુટીલતા, મરણ ખરચથી ખોદાઈ જતાં નાણાંના મૂળ, વાંકડાની વાહિયાત રીત, કન્યા વિક્રયની ક્રૂરતા, ટૂંકમાં રૂઢિવાદનાં રોદણાં અને તેની વિરૂદ્ધ ધીરે ધીરે ફણગાતો કચક્ષાટ ! તેમ છતાં "અસલવાદનાન્ આચ્છાદન અભેદ્ય' સમાં ભાસતાં રહ્યાં !

કયાંક ચૈનત્ય સ્ફુરી આવતું. નવયુગની આહલેક ઉભરાતી, સમાજના ઘોર સડા પ્રત્યે કુંભકર્ણની નિંદ્રાથી ઘેરાયેલી જડ અનાવિલ આંખોને ઉઘાડવા પડઘમ પણ ઓછાં પડે એ દશામાં સૂતેલા જ્ઞાતિના અજગરનું પૂછડું મરડવાનો પ્રયાસ.

(અ) સદ્ધર્મ સમાજ, (બ) ધારા મંડળ તેમજ ગામેગાપ ઉભા થતાં (ક) અનાવિલ સુધારક મંડળોએ શરૂ કર્યો. મોટી મોટી પરિષદો ભરાતી, સેંકડો સહીઓ થતી અને આરંભશૂરા અનાવિત નેતાઓ તાર સ્વરે સભાઓ ગજાવતાં કહેતા

- કુટેવાનો રિવાજ હવે બંધ (અલબત્ત પારકાં ઘરો માટે)
- બાળલગ્નો બંધ (સ્વાર્થ ન સરતો હોય તો)
- મરણ પાછળનો ખર્ચ બંધ (ખાનગીમાં ચાલુ)
- લાડવાનું બંધ કરવાના ઠરાવો જરૂર થતા રહ્યા.

પરંતુ વર્ષો સુધી નામના ઠરાવો ને પોલી પરિષદોમાં એંસી ગામના અનાવિલ પ્રતિનિધિઓ મળતા રહ્યા અમલ બાબત અલ્લાયો !

'સદ્ધર્મ સમાજ' ના એક ધૂરંધર હિમાયતી પુત્રનાં લગ્ન માટે નીકળ્યા ત્યારે જણસ, વાંકડા, ઘરઘામણ બધુંજ સામે પક્ષ 'સ્વેચ્છા' એ કબુલાવી

લાવ્યા. ઢોંગ, પાખંડ ને દેખાડો વર્ષો સુધી ચાલતો જ રહ્યો. બીજી બાજુ સુધારાની નિર્માલ્ય કોશિશો પણ ચાલતી જ રહી.

સદ્ધર્મ સમાજે અનુભવ્યું કે સને ૧૯૧૦ની આસપાસ દેસાઈઓમાંના ઘસાઈ ગયેલાં કુટુંબોને કન્યા મળવાની તકલીફ પડવા માંડી. એના તરફ સને ૧૯૧૪-૧૭ની મોટી લડાઈથી કેટલાક મહેનતુ ભાઠેલા સદ્ધર થયાં. તેમણે ઊંચા વાંકડાઓ ઓફર કરીને લગ્નને વિક્રયનો વિષય બનાવી દીધો જેના ઘસાયેલા દેસાઈઓએ લાભ લીધો તેઓ ભાઠેલાઓની કન્યા લેતા ખરા પરંતુ પોતાની કન્યા ભાઠેલાઓમાં આપતા નહિ. આમાંથી ધારા મંડળ અને અનાવિલ સુધારક મંડળ ઉભા થયાં.

ધારા મંડળની સ્થાપના વરાછામાં થઈ તેનું મુખ્ય સુત્ર હતું "જે કન્યા આપે તેનેજ કન્યા આપવી" એવો ધારો કર્યો.

અનાવિલ સુધારક મંડળો ગામેગામ ઉભા થતાં ગયાં. એમાં સુધારાની અનેક વાતો અને ઠરાવો ચર્ચાતા. સ્હાને ૧૯૨૯માં નવસારી લક્ષ્મણ હોલમાં મળેલી એક અનાવિલ પરિષદે મુખ્ય છ ઠરાવો સ્વીકાર્યા જે ધ્યાનકર્ષક છે.

૧. જે વર્ગમાંથી કન્યા મળે છે તે વર્ગમાંજ કન્યા આપવી જે બીજે આપે તેવા લગ્નમાં ભાગ લેવો નહિ  બીજો વહેવાર રાખવો નહીં.

૨. કન્યાના પલ્લામાં વરવાળાએ  ૫૦૧ની જણસ, ૧૨૫ના કપડાં કરવાં અને એને સ્ત્રીધન ગણવું.

૩. લગ્ન તથા જનોઈપ્રસંગે લાપસીનું જ જમણ રાખવું, લગ્ન સાથે જનોઈ હોય તો જનોઈની જુદી ન્યાત ન કરવી.

૪. મરણ પ્રસંગે બ્રહ્મ ભોજન, શ્રાદ્ધદિક ક્રિયાઓ કરવી પણ જ્ઞાતિવરો બીલકુલ કરવો નહિ, બહારગામ નોતર કે પટ કહાડવો નહિ. કોઈ ન્યાતવિરો કરે ત્યાં જમવા જવું નહિં.

૫. લગ્ન પ્રસંગે બિનજરૂરી ખર્ચ જેવો કે બેંડવાજુ દારૂખાનું, ગીત ગાનારી કોરણ અને કાગળની વાડી બંધ કરવા, માંડક્ષામાં પાન સોપાપારી જ કરવાં.

૬. જીવતી પર બીજી કરવી નહિ તેમજ બીજી કન્યા આપવી નહિ. માત્ર (અ) સ્ત્રીને અસાધ્ય રોગ હોય (બ) સંતતિ થતી ન હોય જીવતી ન હોય (ક) ધણીનો કસુર વિના ધણીનું ઘર માંડતી ન હોય તો બીજી કરી શકે.

આવા સુધારાઓ પર અનેક ગામોનાં સેંકડો અનાવિલોએ સંમતિ સૂચક સહીઓ કરી.

એક તરફ સુધારાની આ ઝુંબેશ જોર પકડતી જણાય છે. ત્યારે તે સમયના આપણા જાણીતા મુખપત્ર "અનાવિલ પોકાર" માર્ચ ૧૯૨૯ના પ.૧૩૪ પરના નીચેના સમાચાર જુઓ.

"હાલમાં જયારે ખેડૂતો કુદરતી કોપને લીધે પોતાના સર્વ નાશને માટે આંસુ સારી રહ્યા છે. હિમથી થયેલ નુકસાન સૌથી વધુ ભોગ અનાવિલ ખેડુતો થયા છે. ત્યારે આપવા અનાવિલ બાદશાહો લગ્ન પ્રસંગે વેશ્યાને નચાવી મંડપમાં ભવાઈ કરાવવાની લ્હેજત માણી રહ્યા છે. હાલમાં જ એક ઓલપાડ તાલુકામાં અને બીજાં સુરતમાં થયેલા લગ્ન પ્રસંગે વેશ્યાઓ નચાવવવામાં આવી હતી. અને તેથીયે વિશેષ અધમતા તો એ બતાવાઈ કે મંડપમાંજ વેશ્યાની મશ્કરી કરીને આપણા ગ્રામ્ય યુવકો ગાલી પ્રદાન અને મુકકાપાટુ પર ઉતરી

**સદ્‌ગત માતૃશ્રી મધુબેન, પિતાશ્રી અંબેલાલ દયાળજી નાયક સુલતાનપુર હાલ અમદાવાદના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** નીલાબેન નાયક હરિયા હાલ જર્મની

આવ્યા.''

આ હતી એ જમાનાની તાસીર !

એ સમયે નવથી બાર વર્ષની કન્યાનું લગ્ન કરી દેવું પડતું. અનેક ખમતીધરો એક કરતાં વધુ સ્ત્રીઓ કરતા. કન્યાઓ ભાગ્યેજ ચાર પાંચ ધોરણો સુધી અભ્યાસ કરવા પામતી. નવરાશના સમયે

(૧) સ્ત્રીઓ ભેગી થઈ ભરત ભરતી.

(૨) સારી નીતિકથાઓ સાંભળતી.

લગ્નસમયે સ્ત્રીઓ આગળ પડતો ભાગ ભજવતી. જનોઈ તથા લગ્ન જેવા પ્રસંગે સ્ત્રી-પુરૂષ બંનેની હાજરી અનિવાર્ય ગણાતી.

વ્રતોદ્યાપન એકલી સ્ત્રી કરી શકતી.

અનાવિલ જ્ઞાતિમાં પડદાનો રિવાજ ન હતો પરંતુ પેટીવાળા કુટુંબોની સ્ત્રીઓ પાલખીમા પડદાનશીન થઈને જતી. બાકી સ્ત્રીઓમાં માથીં ઢાંકવાનો રિવાજ લાંબા સમય સુધી રહ્યો. સ્ત્રીઓમાં મર્યાદા જાળવવાનો ચાલ હતો.

મરણ સમયે કાળોત્રી નજીકના કુટુંબી, શ્વસુર પક્ષ મોસાલષ બહેન, ભાડું, છોકરી જમાઈ અને વેવાઈઓને લખી મોકલતા. મિત્ર, સ્નેહીઓ સહિત ગામ ગામ ન્યાતિ મરણ સમાચાર સાથે બારમા તેરમાનો દિવસ જણાવી નિમંત્રણ અપાતાં

જુવાન મરણ થયું હોય તો લગભગ તમામ સગાં દશ દિવસમાં આવી જતાં. આથી ખબર અંતર દિલાસો, રૂબરૂ આશ્વાસન પણ મળતાં. પુરૂષ વર્ગ મહિના સુધી બહાર નીકળતા નહિ. જેનો જુવાત દીકરો કે જમાઈ ગુજરી જાય તે બહાર નીકળે નહીં. પછી નીકળે ત્યારે એક વર્ષ સુધી જાંબુડા કે લીલા રંગની પાઘડી પહેરતાં. લગ્ન વરઘોડા કે ન્યાતમાં જતા નહીં. વારપરબે સારૂં ખાવાનું કરતા નહિ. છોકરા, છોકરીની માતા પણ વર્ષ સુધી દિવસે બહાર નીકળે નહી. સારૂં પહેરે નહીં, જમવા જાય નહીં એ પ્રમાણે શોક પાળતા મરનારનું વહુ વર્ષે સુધી ખૂણો પાડતા.

સદીની શરૂઆતથી ઉપડેલી ધારા (સુધારા)ની હિલચાલને પરિણામે રસ્તા પર રડવા કુટવાના નિર્લજ્જ રિવાજમાં કમી થવા પામી. ઘર બહાર રડવા કૂટવાનો ભણેલો કે સુધરેલો વર્ગ 'ફારસ' કરવાનું બંધ કરવા કહેતો. મરણ વખતે દિલાસો જરૂર આપણો એ મંતવ્ય જોર કરવા લાગ્યું.

ન્યાત, વ્યવહાર, ગૃહદશા, અર્થશાસ્ત્રને લક્ષ્યમાં લઈ મરણોત્તર ક્રિયાઓમાં કમી જાસ્તીપણું સ્વીકારાતું ગયું. બ્રાહ્મણ ભોજન કાયમ રાખી ન્યાત જમાડવાનો રિવાજ હળવો થયો. જોકે પાજાળથી સુધારાવાળાઓએ તો આની વિરૂદ્ધ અસકાર, પિકેટીંગ જેવા જલદ પગલાં પણ લીધાં.

**પ્લેગનાં જમા ઉધાર :** સદીની શરૂઆતમાં આ વિભાગમાં એક આફત ઉતરી આવી હતી તે હતી પ્લેગની. આમ તો વીતેલી સદીના ઉત્તરાદ્ધમાં છપ્પનિયા દુકાળ પછી પ્લેગ આ વિભાગમાં ઘર કર્યું હતું. એ પછી વીસમી સદીની શરૂઆતમાં મુંબઈથી કેટલાક પારસીઓ પ્લેગનાં જંતુ નવસારી લાવ્યા અને નવસારીથી એ પ્લેગનું જંતુ ગામે ગામ ફેલાયાં એણે અનેક અનાવિલો ગામોનાં જનજીવનને વેરણ છેરણ કરી નાખ્યાં.

આવા પ્લેગના મૂળમાં ઊંદર અને ચાંચડ

ગણાતા. રોગવાખ ઊંદરને ચાંચડ કરડે અને તે ચાંચડ માણસને કરડે ત્યારે તેને પ્લેગ થાકય. આથી ઘણા લોકોએ ઊંદરના ત્રાસથી બચવા ઘર છોડીને મેદાનમાં માંડવા પાડીને રહેવું પડતું. સૂપા જેવું આખું ગામ નદી પાર કુરેલમાં જઈને રહ્યું. આ તરફ વાડી ગામના લોકો ગામ છોડી વાડીમાં રહેવા ગયા. તો ત્યાં વાડીના ઉછેર અને સાચવણી જાત દેખરેખ હેઠળ અનેક કુટુંબોને સમૃદ્ધ બનાવી ગઈ.

પ્લેગ વાડી ગામને આઠ મહિના વાડીમાં રહેતા શીખવી દીધું પરિણામે વાડીઓ ઊચરી અને અનેક ગામો સમૃદ્ધ થતાં ગયા.

પ્લેગ દરમ્યાન દરરોજ માણસો મરતા રોગચાળાના સમયે કોઈનું બારમું તેરમું તો થઈ જ ન શકે. વધુમાં તે સમયનું એક પ્રચલિત હડાપણ કહેતું કે :

પાડોશીની જમીન, બાપાનું બારમું ને
સીમંત બાયતી તણું નહીં પાછું આવે

આથી પ્લેગ બંધ થયા બાદ ઘણાં ગામોએ સળંગ ત્રણ-ચાર અઠવાડિયા સુધી પ્રેત ભોજનનો કાર્યક્રમ યોજયો.

પરંતુ ત્રીસીના અરસામાં આર્યસમાજ તેમજ ગાંધીજીની રચનાત્મક ચળવળે સુધારાનું વાતાવરણ સર્જ્યું તેથી અનેક ગમોમાં પ્રેતભોજન સામે પિકેટીંગ, સત્યાગ્રહ થતા રહ્યા. પિકેટીંગ દરમ્યાન લોકો કેટલાકને રીતસર ઊંચકીને દૂર કરતા. સામાજિક સુધારા માટે રચાયેલાં મંડળોએ શરૂઆતમાં ભારે સંઘર્ષ વેઠવો પડયો હતો. ■

પાના નં. ૨૭ થી ચાલુ

વામે સાથે પેલા હરખઘેલા ભળે એટલે સમાજની પરંપરાગત રીતભાતની ઐસીતૈસી !! મને મોરારજીકાકા, અમૂલકાકા, ભાઈકાકા (ધીરુભાઈ અગાસીવાળા) યાદ આવે ! રેશનિંગ હોય અને ઘીનો એક ડબ્બો વધારે વાપર્યો હોય, ત્રીસ માણસથી વધારે જમ્યા હોય, પહેરામણી પહેરવા જવાનીલાત કરી હોય કે કોઈ માગણી કરી હોય તો જે વાતાવરણ ખડું કરે કે બધાં સિયાવિયાં ! મજાલ છે કે હરક પણ ઊચ્ચારાય ! ભઈકાકા તો વરસ સુધી તે અનાજ ન ખાવાનો નિયમ લેતા કે ઉપવાસ પણ રાખના ! આજે એવું વર્તન કરનારાં સ્ત્રી પુરુષો અનાવલમાં શોધેલા નથી જડતાં ! હું પણ અપવાદ નથી !

મારી ડોકટર મિત્ર દક્ષા કહે છે કે હવે તો લગ્નખર્ચમાં બધી મર્યાદા વળોટી જઈ બેફામ ધુમાડો થાય છે. સામાન્ય ખાવું મોકલવામાં કેટકેટલો દેખાડો ! અને એક કે બે દીકરીઓના વડીલો અમને તો બો હરખ કરીને જે પોરસાવે તેની તો વાત જ જવા દો ! બાકી સુધારો કહેવાનો પછી અપેક્ષાનો અંત નહીં ! જમીનનો પૈસો ઊછળ્યો એટલે બહેનો પણ આગળ બધું માતપિતાએ કરી દીધું હોય છતાં માગણી કરે ને વિખવાદ ઉભો કરે !

આમ લગ્ન સમાજમાં કર્યા કે બહાર છેવટે તારણ કાઢવું રહ્યું કે માનતા હતા તેટલો બદલાવ આવ્યો નહીં ! એ જ વાત આવી કે ફાવેલા....વાડ કૂદે ! વળી દળી દળીને ઢાંકણીમાં ! ભાભીજીએ આંજી તો મેં આંજી ! રહી રહીને મારા પિતા યાદ આવે છે જે હંમેશા કહેતા કે આ બધી "માતેલાની મસ્તી" છે !! ■

**સદ્‌ગત ધર્મપત્ની અં.સૌ. મણિબેન મગનલાલ નાયકના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પતિશ્રી મગનલાલ નાથુભાઈ નાયક - વાસણ, તા. ગણદેવી

# કુળ જોયાના લાગા

સામાન્ય ભાઠેલા જયારે કુળવાનને ત્યાં કન્યા પરણાવવા જાય ત્યારે વાંકડો તોખરોજ ! વાંકડાનો આંકડો એકબીજાની સ્થિતિ પર અવલંબે. ખમતીધર ગરજાઉ મોટી રકમ પણ આપી બેસે. એ તો ઠીક એ સિવાય પણ નીચે જણાવેલ લાગા તો ખરા જ ! આંકડા ત્યાહે વાંકડા જણસ (કેટલા માણસ) જાનૈયાની સંખ્યા.

(૧) સીધુંસામાન (૨) ઘરઘામણ માટલી કેટલા મણના લાડવા, પૂરી વડાં કેટલાં તે ઉપરાંત વરરાજા માટે ભમરડા, લખોટા, ફટાકડા (૩) તલિયુંખાવું, (૪) સુપડાં (૫) સાસરવાસો, (૬) સીમંતવેળાનો લાગો.

**(૧) સીધું સામાન :** સીંધુ સામાન માં જાન આવે ને જાય તે દરમ્યાન પાંચ મણથી વીસ મણ સુધીનું 'ઘુનું સીંધુ' અથવા ખર્ચના રૂપિયા કન્યા પક્ષે આપવા પડે.

**(૨) ઘરઘામણ :** કન્યાને માંડવેથી જાન વિદાય થાય ત્યારે યાદગીરી ઉપરાંત માંડી શકાય એવું ફર્નિચર, વાસણો વગેરે અપાતાં.

**(૩) તલિયું ખાવું યાને માટલી :** શુકનની પ્રથમ માટલી બીજી માટલી, તલીયું ખાવું વાર તહેવાર માટલી શુકન : લગ્ન પછી કન્યા સાસરે જઈ પંદર દિવસ યા વધુ માટે પ્રથમવાર જાય ત્યારે સામે વદાગીરીમાં 'તલિયું ખાવું' (તલના લાડવા વગેરે) આપવાનું રહેતું.

**(૪) સુપડાં :** અસલ નાની વયમાં લગ્ન થતાં. કન્યા યોગ્ય વયની થતાં બે ત્રણ વર્ષમાં તેને સુપડાંની રીત સાથે સાસરે મોકલતા.

**(૫) સાસરવાસો :** સુપડે ગયેલી કન્યા ફરીથી પિયરમાં આવીને થોડો સમય રહીને સાસરે જવા વિદાય થાય ત્યારે ફરી પાછું ખાવું અને સાથે કપડાં ભેટ વગેરે મોકલવાનું રહેતું.

**(૬) સીમંત :** સીમંતવેળા છોકરીનો સાસરામાં ખોળો ભરવામાં આવે ત્યારે કન્યાના માં-બાપે પોતાની સ્થિતિ અને ગુંજાશ મુજબ 'રીત' ના રૂપિયા મોકલવાના રહેતા.

**(૭) સપરડા :** પિયરમાં પ્રસૂતિ કાળ આટોપી છ મહિને કે વર્ષે સ્ત્રી બાળકને લઈને સાસરે જતી ત્યારે કરવાની 'રીત' ને સપરડા કહેતા.

આ ઉપરાંત...

(અ) કન્યા પરણાવી હોય તે વર્ષે આવની દિવાળી, બળેવ, હોળીના તહેવારોએ 'ખાવુ' મોકલાતું.

(બ) સારા માઠા પ્રસંગે જમાઈ કન્યાને ઘરે આવે ત્યારે 'વદા' કરવાના રહેતા. આ 'વદા' બીજી ત્રીજી વખત જ નહિ લગભગ કાયમી ગણાતી.

(ક) છોકરી પહેલે આણે જાય ત્યારે સામેના કુળની ઊંચાઈ પ્રમાણઅ 'રીત' ના રૂપિયા અપાતા.

(ડ) છોકરી બીજે આણે સાસરવાસો જાય ત્યારકની 'રીત'

(ઈ) છોકરી સપરડે જાય ત્યારની રીત

(ઉ) ભાણેજ છોકરાને જનોઈ વખતે અને છોકરી પરણાવે ત્યારે મોસાળું કરવું પડે.

(આ) વેવાઈ કે તેનાં કન્યાને ત્યાં કે ગામમાં આવે ત્યારે તેમનાં સ્વાગત-વદાની 'રીત' આવી રીતો સદીના ચારે કે દશકા તો ચુસ્ત્તીથી જળવાય.

**સદ્ગત માતૃશ્રી અ.સૌ. વિરૂમતિ તથા પિતાશ્રી બળવંતભાઈ ભીમભાઈ દેસાઈ, અટક પારડી-વલસાડના સ્મરણાર્થે**

**સ્મૃતિ સૌજન્ય :** શ્રીમતિ નીલા અને હરેન્દ્ર બળવંતરાય દેસાઈ, વલસાડ

દીકરીને 'દેહણ' કરવાનું ઘેલું

સદી પૂર્વેની જે લાંબો સમય સુધી જ્ઞાતિને ઘેલું લગાડતી રહી. પેશ્વાના કાળામાં દેસાઈઓ સદ્ધર બની ગયા. ગામાનો વહીવટ કરતા કરતાં 'બાદશાહ' બની ગયા. કેટલાયે ઉજારદાર, નામદાર, હવેલીદાર, ખડકીવાળા, વતનદાર, વજીફદાર, 'દેસાઈ' ગગ્રીપામતા થઈ ગકા.

આ તરફ અંગ્રેજ રાજ થતાં મહેનતકશ ભાઠેલા ખેતી અને નોકરી કરીને મંડાતા ગયા. આ મંડાયેલાએ હવે પેલા ઊંચા ખાનદાન પર નજર માંડી અને પછી તો 'વા' ચાલ્યો દીકરીને 'દેહણ' કરવાનો. ગામે ગામ કહેણી સંભળાતી

થાળી વેચ, પારી વેચ
પણ દીકરીને દેહણ કર !

અને અનેક ભાઠેલા કન્યાઓ 'દેહણ' બનીને મોટા ઘરમાં મ્હાલતી થઈ !

**ખાનદાનીનું નીતરણ**

પેશ્વાના સમયે ખાનદાની હેલેચઢી પણ બ્રિટીશ રાજ આવતાં એ સૌને આસમાની સુલતાની છોડીને ભોંય પર ઉતરવું પડયું પરંતુ આ પ્રક્રિયા ઘણી ધીમી તેથી ઉપલા વર્ગનો વાડો નીચેના માટે 'મધલાળ' જ રહ્યો. દેસાઈ વર્ગની બુદ્ધિમાની અને રાજખટ પટેલ ઘણા ભાઠેલા મા-બાપને કન્યા આપવા માટે લલચાવ્યા. તેઓને પોતાના દીકરાઓની કિંમત કરવાની, તેમને મોંઘા કરવાની વાંકડો, કરાવવાની તક મળી. કહેલાતા નીચલા વર્ગમાં વિવિધ કારણે નાણાંની છૂટ થઈ તેથી તેઓ નિરૂદ્યોગી , નિરૂત્સાહી દેસાઈ ખાનદાનની નબીરાઓને સોના રૂપાના દોરથી બાંધીને ઘસડી જવા લાગ્યા.

આ કુળવાન કુંવરો શ્રીમંત સસરાઓનો આશ્રય મેળવી ઉદ્યોગ ધંધો છોડીને વ્યસન પકડવા લાગ્યા. પૈસા ખૂટે એટલે શ્રીમંત સસરાને સતાવતા. આથી વળી વાંકડો જણસ, ઘી, પહેરામણી, સૂપડાં, સાસરવાસો જેવી રીતોના ભાવ વધતા ચાલ્યા. વહુઓ સાથે અપ્રતિષ્ઠિત વર્તન ચલાવી તેમનાં દાગીના પચાવવાં શરૂ કર્યાં. પૈસા ખુટતાં એક પર બીજી કરીને નવું ઝરણ ખોલવાનો 'ચાલ' શરૂ થયો તેમાંથી કજોડાં પણ જોડાવા લાગ્યાં. ખાનદાન વૃદ્ધ કિશોરી કન્યાને પરણાવના ન્યાત ખળભળી ઊઠે એવા બનાવો બનતા ગયા ! ઉપલા વર્ગે આમ ખાનદાનીને નેવે મૂકીને સંઘર્ષને તેડાં આપ્યાં.

ધન્ય છે 'વાંકડા'ની શોધ કરનારને !

મહિલાઓની એક મિટિંગમાં યુવતી બોલી પડી "વાંકડો લેવો નહીં જોઈએ" આ સાંભળતાંજ રાજમાન રાજેશ્રી વડીલ પુર ઝડપે ત્યાં આવીને કહેવ લાગ્યા પોરી ! તુ હું બોલી ? નાલ્લે મોઢે મોટી વાત ? વાંકડો તો લેવો જ જોઈએ. જો આપણા કાકા વાંકડો ની લે તો એનું ગીરવે મૂકેલું ઘર કેમ કરીને છોડાવતે ? ને આપણી હામેવારાને તાં તો ખાવાનાં પે ફાંફાં ઉતા તાં તો હજ્જજા વાંકડો મઈલો ને કેવા મંડાય ગીયા ? હવે બે ચાર વરહની નિરાંત ! એટલા માં તો નાલ્લો પણવા જેવો થેઈ જવાનો. આપણી ઓરીને નાકેવારા મંગુકાકા વાંકડો ની લે તો વિલાતી બરન્ડી કેમ કરીને પીતે ? તું હું હમજે પોરી ! ગમે તેમ બકબકારો નો કર ! વાંકડો છે તો બાર મહિનાનું સીધું ભરાતું છે તને હું હમજ પડે ?

શ્રીસીનો કન્યા વિક્રય

વાત શ્રીસીના અનાવિય સમાજની છે. જ્ઞાતિ

**સદ્‌ગત માતૃશ્રી કમળાબેન તથા સદ્‌ગત પિતાશ્રી મગનલાલ નારણજી મહેતાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** સુપુત્ર શ્રી દિનેશચંદ્ર મગનલાલ મહેતા પરિવાર સુરુચિ સોસાયટી, સુરત

મંદિરની દિવાલોને કુરિવાજોની ઊધઈ લાગેલી હતી. કન્યાદાનનું સ્થાન કન્યા વિક્રયે લીધું હતું. સમાજમાં સારા શુભાશુભ પ્રસંગના ખરચા, સીમંત, સાસરવાસો, સુપડાંના ખર્ચા ઉપરાંત ઈર્ષા, આળસ, આડંબર, મિથ્યાભિમાન, ખોટી મોટાઈના રોગો પૂરજોશમાં તેમાં વળી કન્યા વિક્રયનો કીડો પણ સળવળતો.

લગ્ન તો પવિત્ર ધાર્મિક ક્રિયા ! એની મંગળ મિતિ જોવાઈ મંડપમાં મંગળ ગીતો ગવાય, વૈદિક વિધિના મંત્રોચ્ચાર થાય અને "કંયા પધરાવો સાવધાન !" સાવધાન !" પણ આ શું ? એક તરફ બાવન વર્ષનો બીજ ત્રીજ બુઢ્ઢો વર અને બીજી તરફ પિતાએ પૈસાને ખાતર વળગાલેલી બાર વરસની કુમળી કળી માહ્યરામાં પતિને જોઈને ચોધાર આંસુ વહેડાવતી એ ગરીબડી ગાયનું કોણ રણીધણી ? આ તે કન્યા દાન કે કન્યા વિક્રય ? પતિના સહવાસમાં એ કુમળી કળીને ઉમંગ કે ઉત્સાહ કયાંથી હોય ? એ તો શરમીલી અને ડરેલી હોય છે. બાર તેર વર્ષની કન્યા આવા પુખ્ત પુરૂષની વિષય વાસનાનો ભાર સહી શકની નથી તે નીચોવાઈ જાય છે. અનેક દાખલામાં ગર્ભાશય અવળું થઈ જાય અને વિવિધ રોગોનો ભોગ બને. અસંતુષ્ટ કામેચ્છાથી હિસ્ટીરીયા અને સ્નાયુમંડળના વ્યાધિ થાય છે. આવુ જ અતિચારથી પણ થાય છે. સમાજમાં કેટલીયે ષોડશ વર્ષી આવા અનેક વર્ષોથી અતિ કષ્ટાતી જોવા મળે છે.

**લક્ષ્મી અને વરમાળ**

વેસ્માના રહીશ હાલ દીહણ ગામના વતની રા. રૂદરજી પરાગજી ઉ.વ. ૬૦ના લગ્ન સરભોણના લલ્લુભાઈ વશનજી આસરે પંદર વર્ષની કન્યા સાથે સુરત મુકામે થયાં. પ્રથમનાં પત્ની મરણ પામ્યાં હતાં. બીજી વખતનાં પત્ની હજી જીવતી છે અને સાથે જ રહે છે. એઓ રંગુનમાં બેંકમાં ઊંચી નોકરી ધરાવે છે. લક્ષ્મી વરે તે વરમાળ પહેરેરે !

**અનાવિલ જ્ઞાતિનો રાજયરોગ**

અંગત લાયકાતના ધોરણથી નહીં પણ રૂઢિના રિવાજ મુજબ ઊંચા નીચા ગણાતા આવતા અને ક વાડાઓ અને દેસાઈ ભાઠેલા રૂપી કૃત્રિમ ભેદ-લીટી આ અનાવિલ ન્યાતનો રાજયરોગ છે. ઊંચા નીચા ગણતા અનેક વાડાઓને લીધે મિથ્યાભિમાન જયાં ને ત્યાં ઘર ઘાલી બેઠું છે. સમાજમાં રૂપીયે ૪ આની જેટલો દેસાઈ વર્ગ હશે અને બાકીનો ૧૨ આની ઈતર વર્ગ હશે. આ ૧૨ આનીમાંથી ૩આની માણસો મિથ્યાભિમાનને વશ થઈ ખોટી મોટાઈમાં પ્રેરાઈ વાંકડો ભરીને કન્યાના આપે પણ તેથી દેસાઈઓ માટે કન્યા લેવાનું ફીલ્ડ ૧૦૦૦ ટકા જેટલું વધી જાય છે. વાંકડાની આપેલ એ ઊંચા લાયકાતને આભારી નથી ફકત સંજોગ, કૃત્રિમતા અને રૂઢિને આભારી છે. વડવાઓએ અનાવિલ મોટા વર્ગથી જુદા પડી રાજા રજવાડાંની નકરા કરી ભેટ પહેરામણી શરૂ કરી હતુ. રાજા રજવાડાંને તો મોટી ભેટ મળી રહેની રાજની આવક પણ મોટી તેથી એ બધું પર વડતું પણ બળદો જોઈ દેડકા પેટ ફુલાવતા પેટ જરૂર ફાટી જાય !

**લગ્ન કે આર્થિક સાટું ?**

કહેવાતી ઊંચ કુલીન વગાઓ ઉતરતા વગામાં લગ્ન કરવામાં અગાઉ ઊણપ માનતા. આજે વાંકડા ના પૈસા પ્રમાણે કન્યાની પસંદગી થાય છે ત્યારે લગ્નની પવિત્રતા કયાં ગઈ ? અહિં રોકડ પૈસાની અગત્યતા જ જોવાય છે એને લગ્ન કહેવા કે આર્થિક સાટું ? અહિં લાયકાત કે ગુણ કયાં

પાના નં. ૭ ઉપર

# નસીબ કડવી કાકીનાં

– નાનુભાઈ નાયક

એવું નામ કડવી કાકી, એની એક અંધારી કોટડીએ મારી કોઢની બાજુમાં. કોઈવાર બા વાટકી દૂધ મારી સાથે મોકલે. એ મને જોઈને રાજી થાય. કહે બેસ બેટા ! પાણી બી ! બસ, પાણી નો જ વહેવાર. મોટો થતાં સમજ આવી ત્યારે પૂછયું કાકી તમે લગ્ન કયારે કરેલાં ? થોડી વાર સૂનમૂન બેસીને પછી બોલી, ભાઈ ! લગ્ન કયારે કરેલાં મને શું ખબર ? હું તો સાત આઠ વરસની બે ત્રણ વરસ પછી ખબર આવી. એ બહુ માંદા છે. મને છેલ્લે છેલ્લે બોલાવી લાવેલા. હું દશેક વરસની હોઈશ. એમની ઉંમર વીશેકની. માંદગીએ હાડકાં દેખાય એક વખત ઘરમાં કોઈ નહોતું ત્યારે એમણે બોલાવેલી. બીતી બીતી ગઈ તો તેમણે કહ્યીં "હવે હું બચવાનો નથી. હું મરી જાઉં તો તું શું કરશે ? હું શું કરૂં ? મને શું ખબર ? બસ ! આટલી જ વાત પછી તો...બધું પતી ગયું અને કડવી કાકીના ભાગે ભાગ જીવ જાગે ત્યાં સુધી સાસરાવાળાઓએ આ કોટડી આપી. જુવાની, પ્રોઢવસ્થા, ઘડપણ... બધું જ અંધારી કોટડીમાં, પછી તો કડવી કાકી ઘરડી થઈ, આંધળી થઈ બહેરી થઈ, બોખી થઈ, ડોશી થઈ. કુટુંબીઓ બપોરે કઢી ભાત નાખી જાય. સાંજે રોટલા નાખી જાય. બેડું પાણી મૂકી જાય. કડલીકાકી ખાય થાળી ધૂએ, ઝાડો પેશાબ કરે, ઓરડી ગંધાય, કપડાં ગંધાય, ગોદડાં ગંધાય.

આ કડવી કાકીના નસીબ જુઓ ! પે વખત મરવા પડી બે વખત ભોંય સુવાડી.ડાઘુઓ પણ આવી ગયેલા ગંધાતી કોટડીની બહાર નાક દાબીને બેઠા હતા. ત્યાં કાકીના પગનો અંગુઠો હાલ્યો. ડોશીને દુઃખ વહાલું તે ડોશી જીવી ગઈ આવું બે વખત થયું. ડોશી ત્રીજી વખત ખરેખર મરી ગઈ. પણ મન ખાટું થયા કરે છે. ડોશીનો શામાં જીવ હોય ?

રૂઢિ ભંજક રઘુભાઈ

વાત ગઈ સદીની ત્રીસીની નજીકની છે. ચલથાણના રઘુભાઈ ગુજરાત વિદ્યાપીઠનો અને ત્યારપછી રવીન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનનો સંસ્કારવારસો મેળવી આવ્યા હતા. એ ગાળામાં એમનાં માતાનું અવસાન થયું. અને તેઓ વતન ચલથાણ આવ્યા. અહિં તો જુના રિવાજો પૂરજોશમાં સગા વહાલાં ગામને પાદરેથી ઠુઠવો મૂકતાં ને રડતાં કૂટતાં ફળિયામાં આવે ને ઘરની સામે છાતી કુટીકુટીને "હાયરે માડી ! હાાય હાય ! કરતાં કૂડે ! રઘુભાઈથી આ સ્હેવાયું નહિ તેથી આમ ન કરવા વીનવ્યાં પણ સગાં એમ થોડાં માને ? છેવટે પોતે ત્યાં જઈને હાથ જોડયા પણ કૂટવાનું તો ચાલુ જ ! આ થી ઉગ્રસાદે બંધ કરવા ફરમાવ્યું પણ માતે તે બીજા ! આ બધાથી તંગ આવીને રઘુભાઈ કોઢમાંથી લાઠી લઈ આવ્યા અને જોરથી પછાડીને સપાટા મારવાની ધમકી આપી ત્યારે રડકટ બંધ થઈ !

આવું જ પછી બારમા તેરમા અંગે ચાલ્યું. ઘર કુટુંબના ફળિયાના ને ગામના બધાં જ "માનું બારમું તેરમું તો કરવું જ પડે !" ના પક્ષમાં અને વિરોધપક્ષે એકલા રઘુભાઈ ! અડગ અને અણનમ ! બંને પક્ષો જીદે ચઢયા. છેવટે રઘુભાઈ ઉપવાસ પર ઉતર્યા. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ કોઈ મચક આપતું ન હતું. છેવટે ચોથા દિવસની સાંજે સગાંસબંધી પીગળ્યાં ને છેવટે દહાડો ન જ થયો ! ધારી ને દૂધપાક, લાડવા, માલપુડા, દૂધપાક બધું જ બંધ ! માતાની યાદ અન્ય સંસ્થાઓમાં દાન આપીને ઉજવાઈ ! ■

# અનાવિલ સમાજમાં સામાજિક સુધારાની દશા અને દિશા

– બકુલા ઘાસવાલા દેસાઈ, વલસાડ

મૂળભૂત રીતે અનાવિલો જમીન સાથે સંકળાયેલા એટલે એમની જીવનશૈલી પર પરંપરાગગત ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક માહોલ અસરકર્તા રહેતો વળી અનાવિલો પોતાનો આર્ય વંશજ માને એટલે વૈદિક સોળ સંસ્કાર પદ્ધતિ એમની રહેણીકરણી હિસ્તો હતી. વરવિક્રય સહજ હતો એટલે કે દહેજપ્રથાનું અસ્તિત્વ હતું. દીકરીઓનાં માતપિતા સારો વર શોધવાની પળોજણમાં ખુવાર થઈ જતાં. મહર્ષિ દયાનંદના આર્ય સમાજની અસર હેઠળ સામાજિક સુધારાનો પ્રારંભ થયો. મલવાડા અને કછોલી એનું ખાસ મથક ગણાય છે. સુધારાની આ ચળવળમાં મોટાભાગે અનાવિલોએ પહેલ દાખવી. શિક્ષણનો પ્રસાર થતાં, આઝાદી આંદોલનમાં ગાંધીબાપુનો પ્રવેશ થતાં એ વેગવંત બની. જન્મથી મરણના રીતરિવાજોમાં પૈસાનું પાણી કરતા લોકોને સબ મળે તે રીતે સુધારાનો દોર શરૂ થયેલો. અલબત્ત એ જુવાળની જેમ પ્રગટયો એમ ન કહેવાય છતાં પવન તો સાનુકૂળ હતો.

અનાવિલ સમાજમાં સતીપ્રથા ન હતી છતાં બે સતીના દાખલા નોંધયેલા છે. તાપીથી વાપીમાં પથરાયેલી આ જ્ઞાતિમાં વાંકડનું ચલણ મોર શિરમોર હતું. જેનો ઉપર ઉલ્લેખ કર્યો છે પરંતુ એમાં વિશદ ચર્ચાને અવકાશ છે. સમજના આગેવાન કહેવાય તેવા હરિભાઈ, દયાળજીકાકા, મહાદેવભાઈ, મોરારજી કાકા, મોનજી રૂદર અને ભીખીબહેન, ડાહી વકીલણ, મલવાડાના મુકુંદજી આલબેલ પોકારી. ખાસ કરીને લગ્ન સીમંત, જનોઈ, મરણ પ્રસંગે તથા લખલૂટ ખર્ચ, સ્ત્રી પર હિંસા, વિધવા સ્ત્રીઓ પરનાં બંધનો, દીકરીઓને દુય્યમ ગણવાનું વલણ-વ્યવહાર પર રોક માટે રીતસર ઝુંબેશ જ થતી. જાનમાં (શુભ પ્રસંગે જમનારાં જાનૈયા, મરણ પ્રસંગે જમનારાં ઘાનૈયા જેવા સંબોધનો પણ થતાં. ગાંધીમાર્ગે ચાલનારાં યુવકયુવતીઓ વગર વાંકડે, સાદાઈથી લગ્ન કરવામાં પોતાનું ગૌરવ સમજતાં. કોઈક ઉત્સાહી જમણવાર રાખે તો પણ સકટમ્ નોતરાં અને નાત સિવાય પણ ભૂખ્યાંને ભોજન મળે તેની ગોઠવણી ખેવના પણ હતી. ત્યારે પણ ઝાકઝમાળ લગ્નો થતાં, વાંકડા પ્રથા પણ છેક નાબૂદ તો થઈ જ ન હતી, દહેજ પ્રતિબંધક કાયદા પાલન, બાળલગ્ન પ્રતિબંધ, વખતે વખતે રેશનિંગ, દ્વિપત્નીત્વ પર રોક, વિધવા પુનઃલગ્ન જેવા સામાજિક સુધારા માટે મોરારજી દેસાઈ, મહાદેવભાઈ દેસાઈ, ઝીણાભાઈ દેસાઈ-સ્નેહરશ્મિ, અમૂલ દેસાઈ, ધીરૂભાઈ અગાસીવાળા જેવા અનેક અગ્રણીઓ સક્રિય હતા.

સુધારાની લહેરમાં ત્રણ દિવસના લગ્ન મેળાવડા એક દિક્ષહા કે અડધી વેરમાં પણ પરિણમેલા. એ લહેર મોજામાં પલટાવી જોઈતી હતી પરંતુ એમ ન બન્યું. સુધારાનું નામ જરૂર રહ્યું પરંતુ એણે નવા કલેવર સજયા અને જૈસે થે ની પરિસ્થિતિમાં લાવી મૂકયાં એમ જ કહેવું જોઈએ. છેલ્લા દસ વર્ષમાં તો સુધારાનું બાષ્પીભવન જ થઈ ગયું છે ! જમીનના ભાવ ઉંચકાયા અને પૈસો હાથ આવ્યો કે કમાણી દમદાર લગ્ન પ્રસંગની હોડમાં ફૂંકાવા લાગી ! જે પ્રસંગ સામાજિક મિલન માટે હતા તે જાણે દરેક માટે હોંતા તોંશી અને પોનાલી જાહોજલાલીનું પ્રદર્શન માટેનું પ્રતીક બની ગયા ! સોના ચાંદી ઝવેરાતની દુકાનો ઝળહળતી રહી, ડિઝાઈન વસ્ત્રોની બોલબાલા વધી. બ્યુટીપાર્લર,

કેટરિંગ સર્વિસમાં ઉછાળો આવ્યો. ઈવેન્ટ માટે સર્વિસ લેવી સ્ટેટસ સિમ્બોલ ગણાવા લાગી, ડેસ્ટિનેસન મેરેજ સહજ ગણાય છે. ડોલર - પાઉન્ડના રૂપિયા કરી ખરચવામાં તો નો પ્રોબલેમ (પ્રોબ્લેમ) રિંગ સેરેમની, મહેંદી, દાંડિયારાસ, સંગીત સંધ્યા, ગ્રહશાંતિ, લગ્ન સમારંભ, રિસેપ્શન (બન્ને પક્ષે) આટલા કેહર્બહજ હવે સામાન્ય છે, સંગીત સંધ્યામાં ડાન્સ માટે કોરિયોગ્રાફરને બોલાવાનું કોઈ મોટી વાન નથી. મોંઘીદાટ કંકોતરી, મોંઘાદાટ હોલ, જાનૈયા ને મોસાળિકાાને ઉતારા, બેન્ડવાજાં, વરઘોડો, ઝાકઝમાળભર્યા લગ્નમંડપો, ફોટો સેશન, વીડિયોગ્રાફી, હવે લગભગ સ્જે। છે. વરરાજાની મોટર, વરકન્યાના મેચિંગ ડ્રેસ, માથાથી પગ સુધીનું પર્સનું મેચિંગ પાં સહજ ! પરદેશથી કેટલાં સગાંસબંધી આવ્યા ? પરદેશ લગ્ન હોય તો અહીંથી કેટલા જવાના ? પહેરામણીનો ખર્ચ, મોસાળું, પુત્રવધૂને છાબડી, ખાવું તે તેનાં સાજશણગાર, વરપક્ષને શાલસાડી, વરરાજા અને સાઢુભાઈને ભેટ, સગાંસંબંધીઓ માટે પેન્ટ-સાડી વગેરે, મોસાળિયાને ભેટ, ગીત સંગીતની ભેટની ભરમાર પણ એટલી જ. જો લાડવા-વડાંપુરી ન હોય તો મીઠાઈના ખર્ચ એટલા જ ! *Dry fruits* પણ ખરાં !

હનીમૂન પેકેજ પણ ગણવાનું ! હવે ભાભીજીએ આજી તો મૈં બી આંજી ! મેરી કમીજ સે ઉસકી સફેદ કયું ? લાંબા સાથે ટૂંકો જાય તો મરે નહીં ને માંદો થાય તેવો ઘાટ છે ! મેં કેટલાક લોકો પાસે જાણવાનો પ્રયત્ન કર્યો કે હવે લગ્નમાં સામાન્ય ખર્ચ કેટલો થાય તો ગરીબ થી તવંગર માટે ત્રણચાર લાખથી લાખો કે કરોડ થી કરોડો ! અનાવિલો માટે એક દોઢ કરોડ લગ્નખર્ચ અ ઘ ઘ ઘ.... કહેવાય ! મને તો સાત આઠ પણ વધારે પડતો ખર્ચ લાગે !

હવે આ તો લગ્નની વાત થઈ. સીમંત, જનોઈ, નામકરણ, બાબરી અને બર્થડેનાં નાટક પણ ઓછાં નથી ! હું ઘણીવાર વગર માંગેલી સલાહ આપ્યા જ કરું છું કે જો કન્યાપક્ષ વિવાહ વખતે ચાંલ્લામાં ઓછા માણસો લઈ જાય તો વરપક્ષને પહેરામણી અને જાનમાં મર્યાદિત સંખ્યા પર ભાર મૂકી કહી શકાય ? હવે પહેરામણી ને જાન પછી વાત આવે કે સીમંત પર કેટલાં પિયરિયાં જવાનાં ? તેટલાં સાસરિયા નામ પાડવા આવે ? હવે આ પ્રસંગો માટે પણ હોલ રાખવો, કેટરિંગ સર્વિસ લેવી, કપડાં-ઘરેણાં પર લખલુંટ પૈસા ખરચવાનું સામાન્ય છે. વિષચક્ર વધતું જ ગયું છે ! મારા પિતા કહેતા કે આ બધી માતેલાની મસ્તી છે ત્યારે અમને થતું કે જિંદગીમાં મજામસ્તી કરવાની જ નહિં રૂ કરવાની પરંતુ તેની કોઈ સીમા હોય ! મને ઘણી વાર સંબંધિતો કહે છે કે તમે લખો રૂ મારો પ્રશ્ન છે કે કોઈ સાંભળે છે ? કેટલું લખ્યું, નાટકો કર્યા, જાગૃતિ માટે લખ્યું, શું ન કર્યું ? દીકરાના લગ્નમાં કાંઈ લખલૂટ ખર્ચ કર્યો ન હતો ! દીકરા વહુની વાજબી નારાજગી વહોરી સીમંત-નામકરણ પર પણ ખાસ્સો કાબુ રાખ્યો હતો છતાં કોઈને અસર થઈ ? તો અર્થ શું ? સુધારાની વાત પર લોકો હસે છે તો તો વાસ્તવિકતાનું દર્શન જ ન કરવાનું ?

આપણાં મંડળો કોઈ ભૂમિકા ભજવી શકે ? ભજવી તો શકે પરંતુ જ્ઞાતિમંડળો સંગઠન, ગરબા, ઊંધિયાપાર્ટી, વરડુંરોટલા ખાય ને ને જાતજાતની હરીફાઈ રાખે પરંતુ સુધારાની પ્રવૃત્તિથી દૂર રહે ! મને એનું આશ્ચર્ય હંમેશા રહ્યું છે કે એ લોકો કયાં ગયાં જે સુધારા માટે ખુવાર હતાં ? અન્ય પ્રવૃત્તિ ન જ કરવી એવું મારે કહેવું નથી પરંતુ જ્ઞાતિનું કોઈ વજનદાર માળખું કેમ બનતું નથી જે સુધારાને વેગ આપે ! મારી પાસે લખલૂટ લગ્નખર્ચ કર્યો હોય તે માતપિતાની દીકરીઓ આવીને રજુ ત્યારે એને શું ભાન કરાવવું તે પ્રશ્ન થાય ! જો વરકન્યા પહેલેથી જ કાબુમાં રહી સુધારાની પ્રક્રિયા સાથે સંમત હોય તો ઘણો ફેર પડે પરંતુ વહ દિન કહાં કિ....! ■

# ઈતર જ્ઞાતિમાં લગ્નો અને સુધારાની વાસ્તવિકતા

– બકુલા ઘાસવાલા દેસાઈ, વલસાડ

અનાવિલોમાં ઉપર દર્શાવ્યું તે પ્રમાણે આંતરજાતીય લગ્નો સામાન્ય છે. પરિવાર અને સમાજ ખાસ વિરોધ વગર તે સ્વીકારે છે. એક સમયે એવી ધારણા હતી કે જેમ જેમ આંતરજ્ઞાતીય લગ્નો સામાન્ય થશે તેમ તેમ સામાજિક સુધારાકની પ્રક્રિયા વેગવંગ બનશે. જ્ઞાતિના રૂઢિગત માળખામાં શોષણનો જે આભાસ થાય છે તે દૂર થશે. લગ્નખર્ચ ઘટશે. સમાનતાનો આદર્શ સિદ્ધ થશે. પારિવારિક સંબંધો હૂંફાળા બનશે. વગરે....

સ્વતંત્રતા પહેલાં અને પછીના સમયમાં શરૂઆતમાં ગાંધીવિચારની અસર હેઠળ સામાજિક સુધારાની દશા અને દિશા ખાસ્સી પ્રોત્સાહક રહી. ગાંધી અનુયાયીઓએ તો ગાંધીબાપુની હાજરીમાં આશ્રમમાં લગ્ન થાય તેમાં ગૌરવ જોયું. વાંકડાપ્રથા તો નીકળી જ ગઈ એવી બ્રમણા તો આજપર્યંત છે. પહેરામઝી, ઘરરામણી, શાલસાડી, વદા, જાનમાં અને લગ્નમાં મહેમાનોની સંખ્યા અને લગ્ન સંબધિત આગળપાછળના પ્રસંગોમાં ખાસ્સી મર્યાદા જળવાતી.

એક સમય એવો આવ્યો કે લોકો આફ્રિકા પછી ઈગ્લેન્ડ, અમેરિકા જવા લાગ્યા. હવે તો ન્યૂઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયા જેવા દેશમાં પણ સ્થળાંતર છે. “દેશ તેવો વેશ” એ ન્યાયે લગ્નપ્રથા ખાસ્સી લચીલી બની. પરિવાર આંતરજ્ઞાતીય લગ્ન સ્વીકારતો થયો એટલે લગ્નસમારંભો પણ ધીમે ધીમે સ્વજ્ઞાતિમાં થતાં સહજ પ્રસંગ તરીકે આયોજિત થવા લાગ્ય અને તે પ્રગતિશીલ વલણમાં લેખાવા લાગ્યા. અરસપરસની જ્ઞાતિના રીતરિવાજો માહિતી મેળવી દીકરા દીકરીઓને રાજી રાખવાનું વલણ વધ્યું. વચેટિયાની ભૂમિકા સાથે વડીલોની દરમિયાનગીરી પર કાપ મુકાયો કે તે નહીંવત થઈ. વાપીથી તાપીમાં પણ એવી જ સ્થિતિ પેદા થવા લાગી. કુટુંબમાં બે કે ત્રણ ભાઈ બહેન હોય તો તે બધાંના જ આંતરજાતીય લગ્ન હોય તેવું પણ બન્યું. સમાજ એ સગાંસંબધીઓની ભૂમિકા લગ્નમાં જઈ મહાલવું અને ચંચુપાત કર્યા વગર પાછા ફરવું એટલી અપેક્ષિત રહી.

અમારે તો દરેક મહેમાનોને ભેટ કે શાલસાડી -સુટ કાપડ આપવાની પરંપરા છે આવું વરપક્ષ કહે એટલે અનાવિલ કન્યાપક્ષ અમને તો બો અરખ (હરખ) કહી એ લોકો કહે તે કરે. મારું નિરીક્ષણ છે કે આ હરખમાં પચાસેક જેટલી સાડી અને સાલ પેન્ટ-સુટના કાપડ અપાયેલા છે ! ટ્રેડિશન છે કહી ભળતા જ રિવાજ અને ખર્ચમાં ઊંડા ઊતરી જવું પડે ! હવે જે હરખાઈ ઊઠેલા છે તેમને તો આપણે કંઈ ન શકીએ પરંતુ તમાચો મારી ગાલ લાલા રાખવા મથતાં માતાપિતાની દશા કે અવદશા કેવી થાય તેની કલ્પના કરો ! (ખાસ તો પિતા : ખર્ચની ફિકર તો એણે કરવાની આવે તે સહજ ગણાય !) ત્યારે તો મનમાં વિચાર આવે કે મારી બાઈ, અનાવલા શું ખોટા હતાં ? વાત એટલે અટકતી નથી, જે લોકો લગ્નમાં મજાનો અર્થ ખાણીપીણી-જલસામાં (નોનવેજ -મદિરા) કરે છે તેઓ તો મોંઘીદાટ હોટલ-કલબમાં જે ભરાઈ પડે તે તો પૂછવા જેવું જ નથી ? પછી તો હરખની પિપૂડી સાંભળ્યા કરો !

હવે આ ડેસ્ટિનેશન મરેજનું ભૂસું યુવાન મગજમાં ભરાયું છે ! પરદેશથી આવી પરંપરાને

પાના નં. ૨૦ ઉપર

# સુધારા અંગેની કેટલીક સત્ય ઘટનાઓ

– બકુલા ઘાસવાલા દેસાઈ, વલસાડ

વર્ષો પર એક પરિવારમાં દીકરાનું લગ્ન હતું. તે સમયે કાયદો હતો કે લગ્નમાં પચાસથી વધારે માણસો હાજર ન રહી શકે અને રહે તો પણ જમણવાર તો પચાસ માટે જ. હવે તે સંયુકત પરિવારમાં તો ઘરનાં માણસો જ સહેજે સિત્તેર-પચ્ચોત્તર જેટલાં ! લગ્નમાં બધાં ગયેલા પરંતુ ઘરના ત્રીસેક જેટલાં જમવા બેઠાં કે ગણતરી પૂરી ! બાકીના ઘરે આવ્યાં પરંતુ ઘરે પણ ત્રીસને જ જમવાનું મળે ! બાકીના દસેક વધ્યાં ! એમને રાત્રે કોઈ હોટલમાં ખાવાનું ન મળ્યું !

એક લગ્નમાં વરપક્ષે વેવણ અન્ય જ્ઞાતિનાં અને વેવાઈ અનાવિલ ! આ બાજુ કન્યાપક્ષ સુધારામાં અગ્રેસર ! વરરાજાના માતૃશ્રીને પહેરામણી પહેરવાનો શોખ ! હવે આ શોખ પૂરો પાડવાનો ખર્ચ આ જમાના પ્રમાણે સહેજે પચાસ હજારની ઉપર જાય ! વેવણે ગ્કન્યાની માને કહ્યું કે અનાવિલોમાં તો પહેરામણીનો રિવાજ છે ને ! આ તો એવું કે મને તો સુધારો ગમે પણ મારે ત્યાં અમેરિકાવાળા આવવાના તે બધાંને બો શોખ એટલે તમને હરખ હોય તો એટલું કરજો ! કન્યાની મા ઉવાચ હરખ તો ખરો પરંતુ તમે તો જાણોને અમારા બાપા તો સુધારામાં કેટલું માનતા ! અમે તો પહેરામણીનો રિવાજ કયારથી કાઢી નાંખેલો એટલે મારાથી તો ની પહેરાવાય ! વરની મા શું બોલે.

લગ્ન પ્રસંગ સામાન્ય રીતે નાની મોટી ચડભડ સામાન્ય ગણાય. સામાન્ય રીતે કન્યા પક્ષે જે વ્યવહાર કરવાનો અપેક્ષિત હોય (માંગ્યુ ન હોય પરંતુ સમજીને કરવાનું) તે તેઓ કરે જ. કેટલાક ન પણ કરે એટલે વરપક્ષને ઓછું તો આવે. હવે એક પ્રસંગે એવું બન્યું કે વચેટિયાની હાજરીમાં સુધારાની બધી વાત થઈ પરંતુ પછી વરપક્ષ ફરી ગયો અને એમણે ધીમે ધીમે કન્યા પક્ષને હરખ છે કહી ખાસ્સો ખર્ચ કબૂલ કરાવડાવ્યો અને કન્યા પક્ષે કર્યો પણ ખરો ! પછી કન્યાની માતા બધાંને કહેની ફરે કે અમારાં વેવાઈ તો સુધારાવાળા. આ તો અમને જ બો ‘હરખ’ તેરી બી ચૂપ, મેરી બી ચૂપ !

સામાન્ય રીતે લગ્ન થોડી જવાબદારી લે તેવી વ્યકિતઓની હાજરીમાં તો થવાં જ જોઈએ એવું હું હવે તો માનું છું.

કેટલીકવાર વરપક્ષની એટલી પિપુડી વગાડે કે કન્યાપક્ષ આફરિન પોકારી જાય. પછી ભોપાળું નીકળે કે વરપક્ષ કેટલો લાલચુ છે ત્યારે સગાંવહાલાં અને સમાજના બે માણસ જાણતા જ ન હોય તો તેતે કોણ મદદ કરે ? આવું આંતરજાતીય લગ્નમાં વધારે બને.

હવે તો કેટલીકવાર વરપક્ષ પણ મૂરખ બને એવી ઘટના બને છે. પુત્ર વધૂને બધું જ બતાવી દે, કોઈ વાતની ના ન પાડે અને એ તો અમારી દીકરી કહીને પોરસાય ! એક પુત્રવધૂએ એનો પુરેપૂરો લાભ (ગેરલાભ) લઈ હીરાનું મંગળસૂત્ર, કંગન અને પોતાને ગમે તે ડ્રેસ કરાવડાવી લીધાં પછી પેલાં નવાં સવાં મમ્મી પપ્પાને એ વહાલનો દરિયો એટલો ખારો લાગ્યો કે ન પૂછો વાત. કારણ કે વહુનું બજેટ જ ડબલ થઈ ગયેલું. જો કે આવી ઘટના અપવાદ પણ બની નો ખરી.

એક લગ્નમાં જે સાઢુભાઈને વરરાજા સાથે સ્વાગત (અરઘવું) થાય તે વિધિમાં સામેલ થવાનું

પાના નં. ૩૦ ઉપર

# અનાવિલોમાં આંતરજાતિય લગ્નો અને સુધારાનું વલણ

– બકુલા ઘાસવાલા દેસાઈ, વલસાડ

સામાજિક સુધારાની દ્રષ્ટિએ અનાવિલ જ્ઞાતિમાં પ્રથમ આંતરજ્ઞાતીય લગ્ન કોનું થયું હશે એ મારા માટે અટકળનો વિષય છે. જો કે અનાવિલો આર્ય સમાજના પ્રભાવમાં આવ્યા તેઓએ જ્ઞાતિ વિષયક આગ્રહ તો છોડયો સાથે સામાજિક સુધારાના પ્રવાહને પણ અપનાવ્યો. ગાંધીજીના સ્વતંત્રતા આંદોલન સમયે સામાજિક સુધારાને વેગ આપવાના વલણનો પણ ખાસ્સો પ્રભાવ અનાવિલો પર પડેલો. પાંચ કે અગિયાર માણસની હાજરીમાં લગ્ન, વાંકડો કે અન્ય માંગણી નહીં વગેરે ચીલાએ દેખા દીધી. એક સમયે લાગતું હતું કે જ્ઞાતિઓ તૂટી જશે. આંતરજ્ઞાતીય લગ્નો સહજ થશે અને સુધારામાં લગ્ન પણ સાહજિક બની રહેશે.

જો કે અપેક્ષિત હતું તે બન્યું ખરૂં પરંતુ સુધારાનો પ્રવાહ સાનુકૂળ તો ન ગણાય. આંતરજ્ઞાતીય, આંતરધર્મીય અને આંતરરાષ્ટ્રીય લગ્નો થયાં અને હવે તો મોટા પાયે થઈ રહ્યાં છે પરંતુ દિલગીરી સાથે જણાવવું પડે કે અપવાદ રૂપ કિસ્સા બાદ કરતાં કેટલીક વાર તો એ લગ્ન કોઈ અનાવિલ યુવક-યુવતી, પરણે અને જે ખર્ચ થાય તેના કરતાં મોંઘા પણ પડયાં છે. ઉલમાંથી ચૂલમાં ! દરેક પક્ષ પોતાની પરંપરા અને પ્રથાનો આગ્રહ રાખે, કોઈક વળી સામે અનાવિલ પ્રથા પ્રમાણે અપેક્ષા રાખે, જાન જોગવવાની અને ભવ્ય સતકાર સમારંભનો આગ્રહ પણ રખાય ! એવું નથી કે ફકત કન્યાપક્ષ જ ખર્ચના ખાડામાં પડે ને વરપક્ષ મજા કરે એવું પણ બન્યું છે કે કન્યાપક્ષ કરતાં વરપક્ષને ખર્ચ વધારે થયો હોય અથવા વરપક્ષ અનુકૂળ થાય અને કન્યાપક્ષને ફાયદો થયો હોકય ! જો કે એવું ઓછું બને. સામાન્ય રીતે તો કન્યાપક્ષ અનાવિલ હોય તો એમને ખર્ચ વધારે જ આવે. એક રસપ્રદ કિસ્સો યાદ આવે છે. આંતરજ્ઞાતિય લગ્નમાં એક વાર વેવણે પહેરામણી રિવાજમાં રસ દેખાડી કન્યાની માને પૂછયું કે તમારે ત્યાં પહેરામણીનો રિવાજ છે તો શું તમે અમને બોલાવશો ? કન્યાની મા ઉવાચ. ના બહેન, અમે તો સુધારવાળા ! જાતે ન જઈએ અને કોઈને બોલાવીએ પણ નહીં. બીજી ઘટના બે બહેનો જ હતી એવા પરિવારમાં મોટીબહેનના સાસરિયાં અનાવિલ અને નાની પરરન્યાતમાં પરણવાની હતી. વિવાહ નકકી થયા એટલે નવી વેવણે મોટી દીકરીના લગ્નની વિડિયો જોવા માંગી કારણ એ હતું કે એ લગ્ન જે રીતે થયાં હોય તે રીતે જ આ લગ્ન પણ થાય તેવો આગ્રહ કન્યા ચતુર નીકળી એણે ધીમે રહીને કહી દીધું કે એ વીડિયો તો ખોવાઈ ગઈ છે જો દરેક સમયે કન્યાપક્ષ કે કન્યા આટલાં સ્પષ્ટ હોતાં નથી એટલે દબાણમાં આવીને શરણાગતિ સ્વીકારી લે પછી તો

તેથી એવું તારણ કાઢવાનું મન થાય કે લગ્નખર્ચને ખમતીધર વ્યકિત સાથે વધારે સંબંધ છે. જે ખરચી શકે તે દેખાડો કરે જ. અરસપરસ સમજી વિચારીને મનમરજીથી જે વ્યવહાર થાય તેનો વિરોધ કે ટીકા કરવાનો ઈરાદો નથી. બન્ને પક્ષ સંમતિપૂર્વક સમાન ખર્ચ કરી તે આવકાર્ય સચ્ચાઈ એ છે કે એવું સામાન્ય રીતે બનતું નથી. હવે તો દીજૌહર્ચૈહ ઊેીગ્ગૈહર ની બોલબાલા છે. એક કે બે સંતાનો હોય એટલે માતાપિતા પણ મન મૂકીને ખર્ચ કરે. એક ભાઈએ મને કહેલું કે લગ્નમાં એટલો ખર્ચ કરીને એને (બહેનદીકરી) પરણાવી

દઉં અને પછી હનીમૂન માટે પણ ખર્ચ કરું જેથી એને આ લગ્નમાં વાંધા વચકા પડે તો પણ એ પાછી ન આવે !

આ તો જેમને પરવડે તેવા કુટુંબોની વાત છે. આપણે તો સરેરાશ મધ્યમવર્ગીય અને ગરીબ કુટુંબો તરફ દ્રષ્ટિ રાખી વાત કરવાની છે. ખેતર કે જમીન વેચવી પડે. લોન લેવી પડે. પ્રોવિડન્ટ ફંડ વાપરવું પડે, સંબંધી તરફ મીટ માંડવી પડે આવી ઘટનાઓ બને જછે. દીકરા દીકરીનાં ભણતર અને લગ્નમાં ખર્ચ કરવો, બેનભાણજાને મોસાળા કરવા, બૃહદ સંયુકત પરિવાર, નાતીલા મિત્રો સ,ાથે પણ સંબંધ સાચવવા. પરદેશ હોય તો વહુદીકરીનાં પ્રસૂતિ અને બાળકોને મોટા કરવાનાં સંજોગો જોવા ત્યાં આંટાફેરા કરવા, દેશમાં વૃદ્ધ વડીલો હોય તો તેમને જોવા. અણધારી માંદગીનો ખર્ચ કાઢવો અને સ્વખર્ચની જોગવાઈ કરવી આ દરેક બાબત તનમનધનથી ખૂબ જ વ્યસતતા માંગી લે છે. એમાં સુધારાને ખાસ અવકાશ રહેતો હોય એવું માની શકાતું નથી.

આવો સંઘર્ષ કેટલીક વાર પુરુષ વર્ગને વ્યસનો તરફ ખેંચે છે અને ઘરો બરબાદ થાય છે. અનાવિલોમાં પણ આત્મહત્યાના કિસ્સા સાંભળવા મળે છે તે સાથે અપરણિત રહેવાનું વલણ, છૂટાછેડા લેવાનું વલણ પણ વધ્યું છે. જોકે એમ કહેવાય છે કે છૂટાછેડા થાય તો આત્મહત્યાનું જોખમ ઘટે !આપણી મુશ્કેલી એ છે કે અનાવિલ મંડળો સુધારાની પ્રવૃત્તિ માટે બિલકુલ સક્રિયતા રાખતાં નથી. પારિવારિક પ્રશ્નો કે જમીન વગેરે લવાદીમાં વકીલો કમાય અને બન્ને પક્ષ ખુવાર થાય. અનાવિલ તાસીર જ એવી છે કે જયારેક મરુ નહીં તો મારું ની જીદ પર પહોંચી જાય. હવે આંતરજાતીય લગ્નમાં તો વડીલો કે ગોઠવણીના લગ્નમાં પણ કારભારીનું મહત્વ રહ્યું નથી એટલેય સુધારાને અવકાશ રહેતો નથી ! ઈન્ટરનેટિયા લગ્ન હોય કે અન્ય પદ્ધતિનાં. વાતચીતમાં કયારેક ગાડું ઘોંચમાં પડે તો સમજાવટ કરનાર કોઈ હોય નહીં એટલે વટના કટકા સંબંધ તોડીને જ રહે !

આ લેખ દ્વારા મારો તો અનાવિલ મોભીઓને અનુરોધ છે કે સમયના વહેણ પારખો અને સુધારાની પ્રક્રિયાને સમજીને ઉકેલ શોધવા પ્રતિબદ્ધ અને કટિબદ્ધ બનો. ■

---

પાના નં. ૨૮ થી ચાલુ

હતું. બન્નેમાં જ આંતરજાતિય લગ્ન. બન્ને સાઢુભાઈને બધી બરાબર જાણ હતી કે આજકાલ અનાવિલોમાં શું વિધિવ્યવહાર અને રીતરસમ હોય છે. કેટલું વધી ગયું છે. સોનાચાંદીની જ ભેટ અપાતી હોય છે) બન્ને ને ખાતરી કે હરખવાળા માતપિતા સારો વ્યવહાર કરશે. કન્યાપક્ષે બન્નેને માર્યદિત રીતે જે થાય તે પ્રમાણે (જૂના રિવાજ પ્રમાણે) પૈસાનું કવર આપ્યું. પછી બન્નેએ કહ્યું કે અમે સુધારવાળા એટલે પહેલેથી જ ના પાડેલી.

બે બહેનોમાં એકનું જ્ઞાતિમાં લગ્ન થયેલું અને બીજીનું આંતરજાતીય લગ્ન નકકી થયું. આંતરજાતીય લગ્નવાળાં વેવાઈએ જે બહેનનાં જ્ઞાતિમાં લગ્ન થયેલા તેની વિડિયો જોવાનો હરખ બતાવ્યો. પરણનારી કન્યાએ કહ્યું કે વીડિયો ફિલ્મ તો ખેવાઈ ગઈ છે કારઝા ? એ લોકો જોઈને આશા રાખે કે અમને આટલું માન તો મળવું જોઈએ. એના કરતાં બતાવવું જ નહીં કે મોટીબ બહેનના લગ્નમાં શું કરેલું ?

જો સમાનતાપૂર્વક જ રીતભાત હોય તો આવું બનતું અટકે. ખરું કે ની?

(સંકલિત)

(આ ઘટનાઓ માટે કોઈએ બંધબેસતી પાઘડી પહેરવી નહીં) ■